


PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 261
Dt.: 02-06-2026,
Tuesday
Page : 04
Rs.00.50 paisa


# મ્યાનમારના રાષ્ટ્રપતિએ PM મોદીની સાથે કરી મુલાકાત

## ૪ મુદ્દાઓ પર થઈ ચર્ચા : વેપાર, અર્થતંત્ર, ટેક્નોલોજી અને પરસ્પર સંબંધો સહિત અનેક ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર વાતચીત થઈ હતી



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મ્યાનમારના રાષ્ટ્રપતિ યુ મિન આંગ હ્લેઈંગ (U Min Aung Hlaing) ભારતની મુલાકાતે આવ્યા છે. ત્યારે આજે સોમવારે તેમણે દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. બંને નેતાઓએ ભારત અને મ્યાનમાર વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવા પર ચર્ચા કરી હતી. આ બેઠકમાં વેપાર, અર્થતંત્ર, ટેક્નોલોજી અને પરસ્પર સંબંધો સહિત અનેક ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર વાતચીત થઈ હતી.

કયા-કયા મુદ્દાઓ પર થઈ ચર્ચા?

- વિકાસ, ભાગીદારી, સુરક્ષા અને સરહદ વ્યવસ્થાપન પર સહયોગ

- વેપાર, રોકાણ અને કનેક્ટિવિટી પર ખાસ ધ્યાન

IPL 2026ના સાવજ વૈભવ સૂર્યવંશીને મળી આ જબરદસ્ત લક્ઝરી કાર, જાણો કેટલી છે કિંમત

- લોકો વચ્ચેના સંબંધો વધુ મજબૂત કરવા અંગે ચર્ચા

- શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિ માટે ભાગીદારી વધારવાનો નિર્ણય

આ મુલાકાત દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, ભારત પોતાની નેબરહુડ ફર્સ્ટ, એક્ટ ઈસ્ટ અને મહાસાગર નીતિઓ મુજબ મ્યાનમારનો એક વિશ્વસનીય પડોશી દેશ છે.

વડાપ્રધાને ઉમેર્યું કે, ભારત વિશ્વસનીય ભાગીદાર અને સંકટના સમયમાં સૌથી પહેલા મદદ કરનાર દેશ બન્યો રહેશે.

મ્યાનમારના રાષ્ટ્રપતિએ એપ્રિલ ૨૦૨૬માં રાષ્ટ્રપતિનું પદ સંભાળ્યા બાદ પહેલા વિદેશ પ્રવાસ માટે ભારતની પસંદગી કરી છે.

મ્યાનમાર ભારત માટે મહત્વપૂર્ણ દેશ છે, તે આપણો પાડોશી દેશ છે. જેની સાથે ભારતની ૧,૬૪૩ કિલોમીટર લાંબી સરહદ જોડાયેલી છે. મ્યાનમારના રાષ્ટ્રપતિ હ્લાઈંગ દિલ્હી સ્થિત રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે પણ મુલાકાત કરશે. તેઓ દિલ્હીના કુતુબ ગોલ્ફ કોર્સ પાસે આવેલા રાય પિથૌરા સાંસ્કૃતિક પરિસરમાં આયોજિત ધ લાઈટ એન્ડ ધ લોટસ: રિલિક્સ ઓફ ધ અવેકન્ડ વન પ્રદર્શન પણ જોવા જશે.

આ એક મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય પ્રદર્શન છે, જેમાં ભગવાન બુદ્ધના પવિત્ર પિપરહવા અવશેષોને પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

કિંમતોમાં ૪૦૦ ડોલરથી વધુનો ઘટાડો

## ઈન્ટરનેશનલ ફલાઈટ્સના જેટ ફયુઅલના ભાવમાં મોટો ઘટાડો



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વૈશ્વિક બજાર તરફથી એવિયેશન સેક્ટર માટે એક મોટા અને રાહતના સમાચાર સામે આવ્યા છે. ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ માટે ઉપયોગમાં લેવાતા એવિયેશન ટર્બાઈન ફયુઅલ (ATF) એટલે કે જેટ ફયુઅલની કિંમતોમાં ભારે ૨૭ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. જો કે, દેશની અંદર ઉડાન ભરતી ઘરેલુ (ડોમેસ્ટિક) ફ્લાઈટ્સ માટે જેટ ફયુઅલની કિંમતોમાં કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી અને તે જૂના ભાવે યથાવત રાખવામાં આવી છે.

ઉદ્યોગના સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, આ મોટા ઘટાડાને કારણે ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ માટે જેટ ફયુઅલની કિંમતોમાં પ્રતિ કિલોલિટર ૪૦૦ અમેરિકન ડોલરથી પણ વધુનો ઘટાડો નોંધાયો છે. આ ઘટાડા બાદ હવે નવી કિંમત ઘટીને આશરે ૧,૧૦૦ અમેરિકન ડોલર પ્રતિ કિલોલિટર થઈ ગઈ છે, જે ભારતીય ચલણમાં આશરે ૧,૦૫,૦૦૦ રૂપિયા પ્રતિ કિલોલિટર જેટલી થાય છે. અગાઉ વૈશ્વિક બજારમાં તેજીના કારણે ૧ મેના રોજ આ કિંમતો ૭૬.૫૫ ડોલર (૫.૩૩ ટકા) વધીને ૧,૫૧૧.૮૬ ડોલર પ્રતિ કિલોલિટર પર પહોંચી ગઈ હતી. જ્યારે તે પહેલા એપ્રિલ મહિનામાં પશ્ચિમ એશિયાના યુદ્ધ અને આંતરરાષ્ટ્રીય ઊર્જા સંકટને કારણે કિંમતો બમણાથી પણ વધુ વધીને ૧,૪૩૫.૩૧ ડોલર થઈ ગઈ હતી. બીજી તરફ, ડોમેસ્ટિક ફ્લાઈટ્સ માટે ATFના ભાવ સ્થિર રાખવામાં આવ્યા છે. એરલાઈન કંપનીઓએ ઘરેલુ સપ્લાય માટે હજુ પણ ૧,૦૪,૯૨૭.૧૮ રૂપિયા પ્રતિ કિલોલિટર ચૂકવવાનું ચાલુ રાખવું પડશે. આ દર ૧ એપ્રિલથી લાગુ કરાયો હતો. વાસ્તવમાં, મે મહિનામાં આંતરરાષ્ટ્રીય સ્તરે ભાવ વધ્યા હોવા છતાં સરકારી ફયુઅલ રિટેલ કંપનીઓએ મુસાફરો પર મોંઘવારીનો બોજ ન પડે તે માટે કિંમતો વધારી ન હતી અને નુકસાન પોતે સહન કર્યું હતું. હવે જ્યારે વૈશ્વિક સ્તરે કિંમતો નરમ પડી છે, ત્યારે તેનો સીધો લાભ વિદેશી ફ્લાઈટ્સને આપવામાં આવ્યો છે, જ્યારે ઘરેલુ સપ્લાય પર કંપનીઓ હજુ પણ નુકસાન ઉઠાવી રહી છે. ભારતમાં જેટ ફયુઅલની કિંમતોને બે દાયકા પહેલાં જ નિયંત્રણ-મુક્ત (ડિરેગ્યુલેટેડ) કરી દેવામાં આવી હતી, જેથી એરલાઈન્સ સાથેના કરાર મુજબ કિંમતો આંતરરાષ્ટ્રીય માર્કેટના હિસાબે નક્કી થાય છે. પરંતુ હાલમાં પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ અને યુદ્ધના કારણે વૈશ્વિક એનર્જી માર્કેટમાં અભૂતપૂર્વ ઉછાળો આવ્યો હતો. આવી સ્થિતિમાં ATFની કિંમતોમાં અત્યાર સુધીનો સૌથી મોટો વધારો ઝીંકવાની જરૂર હતી, પરંતુ સરકારે અને સરકારી ક્રૂડ કંપનીઓએ ખૂબ જ સંતુલિત અને ગંભીરતાપૂર્વક પગલું ભર્યું. તેમણે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ માટે માર્કેટ લિંક્ડ રેટ રાખ્યા, પરંતુ દેશના સામાન્ય નાગરિકોને અસર ન થાય તે માટે ઘરેલુ ફ્લાઈટ્સની કિંમતોને નિયંત્રણમાં રાખીને મોટી રાહત આપી છે.

૨૪૪ જિલ્લામાં એલર્ટ સિસ્ટમ ગોઠવાશે

## મિસાઈલ, ડ્રોન કે ફાઈટર જેટના હુમલાની પહેલાથી મળશે ચેતવણી

### જે સંવેદનશીલ છે અથવા તો દુશ્મનોના હવાઈ હુમલાની સ્થિતિમાં સૌથી પહેલા લપેટમાં આવી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકાર દેશના એવા જિલ્લામાં અત્યાધુનિક એર રેડ વોર્નિંગ સિસ્ટમ લગાવવા પર કામ કરી રહી છે, જે સંવેદનશીલ છે અથવા તો દુશ્મનોના હવાઈ હુમલાની સ્થિતિમાં સૌથી પહેલા લપેટમાં આવી શકે છે.

ઓપરેશન સિંદૂર દરમિયાન દેશ જોઈ ચૂક્યો છે કે પશ્ચિમી સરહદ પર રાજસ્થાનથી લઈને જમ્મુ-કાશ્મીર સુધી પાકિસ્તાને તુર્કીના સસ્તા અને મામૂલી સેંકડો ડ્રોન મોકલીને કઈ રીતે દહેશત ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો.

કેન્દ્ર સરકાર જે અત્યાધુનિક એર રેડ વોર્નિંગ સિસ્ટમ પ્રોજેક્ટ પર કામ કરી રહી છે, એક અહેવાલ અનુસાર તેના માટે એરફોર્સના પૂર્વ અધિકારીઓની નિમણૂક પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે.

રિપોર્ટમાં આ બાબતની જાણકારી ધરાવતા અધિકારીઓના હવાલાથી જણાવાયું છે કે, આ પ્રોજેક્ટનું નેતૃત્વ એરફોર્સના એવા પૂર્વ અધિકારીઓ કરશે જેઓ એર ડિફેન્સ ઓપરેશનના ક્ષેત્રમાં સંપૂર્ણપણે કુશળ છે.

- આ એર રેડ વોર્નિંગ સિસ્ટમ તમામ પ્રકારના ડ્રોન, મિસાઈલો અને લડાકુ વિમાનો દ્વારા થતા હવાઈ હુમલાના જોખમની સ્થિતિમાં નાગરિકોને ચેતવણી આપશે.

- આ પ્રોજેક્ટ પર કામ પૂર્ણ થયા બાદ દેશના તમામ ૨૪૪ સંવેદનશીલ જિલ્લાઓ કોઈપણ હવાઈ હુમલાને લઈને આ ચેતવણી નેટવર્ક સાથે જોડાઈ જશે.

- દેશના આ ૨૪૪ જિલ્લાઓમાંથી મોટાભાગના જિલ્લાઓ સરહદી વિસ્તારોમાં છે.

- આ પ્રોજેક્ટની જાણકારી ધરાવતા એક અધિકારીએ જે વિગતો આપી છે, તેનાથી આ અંગે ઘણી મહત્વની માહિતી જાણી શકાય તેમ છે.

- આ પ્રોજેક્ટથી એ સુનિશ્ચિત થશે કે સવિલ ડિફેન્સ મેન્યુઅલ પ્રમાણે જ જમીની સ્તર પર એક સ્ટાન્ડર્ડ એર વોર્નિંગ સિસ્ટમ પણ કાર્યરત રહે.

- નવી એર ડિફેન્સ વોર્નિંગ સિસ્ટમનો પ્રસ્તાવ ગત વર્ષે ઓપરેશન સિંદૂરના તુરંત બાદ જ આવ્યો હતો.

- યુદ્ધમાં ડ્રોનનો ઉપયોગ શરૂ થયા બાદ નાગરિકો માટે હવાઈ સંરક્ષણ ચેતવણી પ્રણાલી (એર ડિફેન્સ વોર્નિંગ સિસ્ટમ) જરૂરી બની જાય છે.

- એકવાર આ પ્રોજેક્ટ સ્થાપિત થઈ ગયો પછી સિવિલ વોલેન્ટિયર્સને પણ આનાથી સંબંધિત ટ્રેનિંગ આપવામાં આવશે.

- ઓપરેશન સિંદૂરના થોડા દિવસો બાદ જ એવો રિપોર્ટ આવ્યો હતો કે, કેટલીક એર વોર્નિંગ સિસ્ટમ સરખી રીતે કામ નહોતી કરી રહી અને તેમાંથી ઘણી અત્યંત જૂની થઈ ગઈ હતી. તેના બદલે તાત્કાલિક સાયરનથી પણ કામ ચલાવવું પડ્યું.

- રિપોર્ટ પ્રમાણે એર રેડ વોર્નિંગ સિસ્ટમ (ARWS) પ્રોજેક્ટનું નેતૃત્વ ડાયરેક્ટોરેટ જનરલ- ફાયર સર્વિસ, સિવિલ ડિફેન્સ અને હોમ ગાર્ડ્સ કરી રહ્યું છે, જે કેન્દ્રીય ગૃહ મંત્રાલય હેઠળ કાર્યરત છે.

ગર્ભવતી પત્નીને તડપતી જોઈ પતિ ધરણે બેઠો

## VIP કલ્ચર ફરી સવાલોના ઘેરામાં, રાજ્યપાલના કાફલાને લીધે રસ્તો બંધ



(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

બેંગલુરુમાં રાજ્યપાલના કાફલાને કારણે વાહનો રોકવાથી નારાજ એક વ્યક્તિનો અનોખો ગાંધીવાદી વિરોધનો મામલો સામે આવ્યો છે. આ વ્યક્તિ પોતાની ગર્ભવતી પત્નીને લઈને ક્યાંક જઈ રહ્યો હતો, ત્યારે જ રાજ્યપાલના કાફલાના કારણે રસ્તો રોકવામાં આવ્યો હતો. આના કારણે કારમાં બેઠેલી તેની પત્ની પરેશાન થઈ રહી હતી.

પત્નીને તડપતી જોઈને વ્યક્તિએ ગાંધીવાદી માર્ગે વિરોધ વ્યક્ત કર્યો અને રસ્તા પર જ પલાંઠી વાળીને ધરણા પર બેસી ગયો. આમ, VIP કલ્ચર ફરી એક વાર સવાલોના ઘેરામાં આવ્યું છે.જે રસ્તેથી રાજ્યપાલનો કાફલો પસાર થવાનો હતો, ત્યાં રસ્તાની વચ્ચે એક વ્યક્તિને બેઠેલો જોઈને ટ્રાફિક પોલીસના હોશ ઊડી ગયા હતા. ટ્રાફિક પોલીસના જવાનો તેને હટાવવા માટે પહોંચ્યા ત્યારે બંને વચ્ચે થોડી દલીલ પણ થઈ. તે વ્યક્તિ કહી રહ્યો હતો કે, કારમાં મારી ગર્ભવતી પત્નીપરેશાન થઈ રહી છે. વાસ્તવમાં, રાજ્યપાલના કાફલાના પસાર થવા દરમિયાન રસ્તો બંધ હોવાથી નારાજ એક નાગરિકે ઓલ્ડ એરપોર્ટ રોડ પર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ટ્રાફિકમાં પોતાની સગર્ભા પત્ની સાથે કારમાં સવાર આ વ્યક્તિએ રાજ્યપાલના કાફલા માટે ટ્રાફિક રોકવામાં આવતા રસ્તા પર બેસીને પોતાનો વિરોધ પ્રદર્શન કર્યું. પોતાની ગર્ભવતી પત્ની સાથે મુસાફરી કરી રહેલા આ વ્યક્તિને જ્યારે લાંબા સમય સુધી રાહ જોવી પડી, ત્યારે તે પરેશાન થઈ ગયો અને વિરોધ વ્યક્ત કરવા માટે રસ્તા પર જ બેસી ગયો. જોકે, બાદમાં ટ્રાફિક પોલીસે તેને ત્યાંથી હટાવ્યો હતો.




એક આરોપી વોન્ટેડ

## મ.પ્રદેશના મંદસોરમાંથી ૪૦ કરોડનું ૨૦ કિલો બ્રાઉન સુગર જપ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)મંદસોર

મધ્યપ્રદેશના મંદસોર જિલ્લામાં રવિવારે ૨૦ થી ૪૦ કરોડ રૂપિયાનું બ્રાઉન સુગર જપ્ત કરવામાં આવ્યું હતું. આ જપ્તામાં એક મહિલા સહિત પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે.આ જપ્તી કેસમાં એક વ્યક્તિ ફરાર છે.પોલીસ સુપ્રિટન્ડન્ટ વિજયકુમાર મીણાએ જણાવ્યું હતું કે ગુપ્ત માહિતીના આધારે ન્યુ આબાદી પોલીસ સ્ટેશનની એક ટીમે વાહનોને રોકીને તેની તપાસ શરુ કરી હતી. જેમાં ૨૦ કિલોગ્રામ પ્રતિબંધીત ડ્રગ્સ જપ્ત કરાયું હતું.

એસ.પી. એ વધુમાં જણાવ્યું હતું કે લેબ ટેસ્ટીંગમાં જો આ બ્રાઉન સુગર ઉચ્ચ ગુણવત્તાનું સાબિત થાય તો તેની કિંમત ૪૦ કરોડ સુધીની આંકી શકાય છે અને જો તે હલકી ગુણવત્તાનું સાબિત થાય તો તેની કિંમત ૨૦ કરોડ રુપિયાથી ઓછી નહિ હોય.

એસ.પી. એ કહ્યું હતું કે આરોપીઓએ કન્સાઈમેન્ટ લાવવા માટે ઉપયોગમાં લેવાયેલા બે ફોર વ્હીલ તેમજ અઢી લાખ રુપિયાની કિંમતના સાત મોબાઈલ જપ્ત કર્યા હતાં.


પૂછપરછમાં જાણવા મળ્યું છે કે આરોપીઓ કથિતરુપે નશીલા પદાર્થની આંતર રાજ્ય દાણચોરીમાં સામેલ હતાં. ટોળકીના અન્ય સભ્યો, સપ્લાયર નેટવર્ક અને નાણાકીય લેણદેણની તપાસ ચાલી રહી છે.આ ઓપરેશનમાં સામેલ પોલીસ ટીમના સભ્યો ના ઈનામ માટે ભલામણ કરવામાં આવશે.


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

સત્યમેવ જયતે



રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.



PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત માહે-જૂન-૨૦૨૬ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા (ફોર્ટિફાઈડ) | કાર્ડદીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા (ફોર્ટિફાઈડ) | વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા. | |

જૂન-૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેરદાળ | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ₹ ૧૫ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| | | બી.પી.એલ કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ₹ ૨૨ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| ૪ | મીઠું | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."

શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી રમણભાઈ સોલંકી
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.

# તંત્રી લેખ......

## રેવડી રાજકારણ વિકાસને અવરોધે છે

આ વર્ષનો લોકશાહીનો ઉત્સવ હવે પૂર્ણ થયો છે. ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં ચૂંટણીઓ પછી નવી સરકારોએ સત્તા સંભાળી છે. ચૂંટણીલક્ષી રાજ્યોમાં રાજકીય પક્ષોએ મોટા વચનો આપવામાં કોઈ કસર છોડી નથી અને સ્પર્ધાત્મક લોકપ્રિયતાથી પ્રેરિત મફત વસ્તુઓની સંસ્કૃતિને પોષી રહ્યા છે. આવા વચનો પણ અસમાનતાની ભાવનાથી રંગાયેલા છે, કારણ કે સમૃદ્ધ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથો વચ્ચેનું અંતર સતત વધતું જાય છે. વિશ્વ બેંકના તાજેતરના અહેવાલ મુજબ, આશરે ૮૨.૬ કરોડ લોકો ગરીબી રેખા નીચે જીવે છે અને દરરોજ ત્રણ ડોલરથી ઓછા કમાય છે. તે દરમિયાન, વૈશ્વિક સમૃદ્ધિમાં વધારો થઈ રહ્યો છે. સ્પષ્ટપણે, શ્રીમંત અને ગરીબ વચ્ચેનું અંતર વધી રહ્યું છે, અને ભારત પણ આ વૈશ્વિક વલણથી અપવાદ નથી. અસમાનતાના આ સંદર્ભમાં, વિતરણ અને ન્યાય બે મહત્વપૂર્ણ ઘટકો છે. આ બે ખ્યાલો દ્વારા રચાયેલ વિતરણ ન્યાયનો ખ્યાલ ફક્ત આર્થિક પુનઃવિતરણ જ નથી, પરંતુ સમાજમાં તકો, જોખમો અને સંસાધનોના ફાળવણીને નિયંત્રિત કરતું નૈતિક અને રાજકીય માળખું પણ છે. સ્થિર અને સમાવિષ્ટ સમાજ માટે આ જરૂરી છે.

જે સમાજોમાં અસમાનતા ઊંડે સુધી મૂળ ધરાવે છે, ત્યાં વિતરણ ન્યાય એ વંચિતોને લાભ આપીને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે એક મહત્વપૂર્ણ સાધન છે. આ સંદર્ભમાં, છેલ્લા વ્યક્તિને રાહત આપવા માટે રચાયેલ યોજનાઓ પાછળનો ભારતીય રાજકીય દ્રષ્ટિકોણ સંપૂર્ણપણે વાજબી છે. મુખ્ય પ્રશ્ન એ છે કે શું આ યોજનાઓ સરકારી તિજોરીને નુકસાન પહોંચાડ્યા વિના તેમના ઈચ્છિત લક્ષ્યો પ્રાપ્ત કરી રહી છે. એટલે કે, સરકારી તિજોરી કેટલો નોંધપાત્ર ખર્ચ કરી રહી છે, અને શું તેઓ ઈચ્છિત પરિણામો પ્રાપ્ત કરી રહી છે? ડેટા દર્શાવે છે કે ૨૦૧૮-૧૯ અને ૨૦૨૫-૨૬ વચ્ચે બિનશરતી ટ્રાન્સફરનો વ્યાપ ૨૮.૮ ટકા વધ્યો છે. આવા પગલાં ઘણા રાજ્યોમાં પ્રિય બની રહ્યા છે. જો કે, આવા ટ્રાન્સફરની પ્રકૃતિને ધ્યાનમાં લેતા, તે શુદ્ધ વપરાશ સબસિડી બની જાય છે. તે પ્રોત્સાહનોને નબળી પાડે છે, રોકાણની સંભાવનાને નબળી પાડે છે અને સરકારી તિજોરી પર દબાણ વધારે છે. આખરે, આ વિતરણ ન્યાયના સિદ્ધાંતો અને ઉદ્દેશ્યોને નબળી પાડે છે. એવું પણ જોવા મળ્યું છે કે જ્યારે ઘણી વસ્તુઓ સરળતાથી ઉપલબ્ધ હોય છે, ત્યારે પ્રયત્નોની ભાવના ઓછી થાય છે. સામાન્ય રીતે ભૂખ્યા વ્યક્તિને ખોરાક આપવાને બદલે, તેમને ભૂખમરોનો સામનો ન કરવો પડે તે સુનિશ્ચિત કરવાની પદ્ધતિઓ શીખવવી વધુ યોગ્ય માનવામાં આવે છે.

આ સંદર્ભમાં, નોબેલ પુરસ્કાર વિજેતા અમર્ત્ય સેન અને માર્થા નુસ્બૌમ "ક્ષમતા અભિગમ" પ્રસ્તાવિત કરે છે. તેઓ દલીલ કરે છે કે ન્યાયે ફક્ત આવક પર જ નહીં પરંતુ વ્યક્તિઓને કામ કરવા અને આગળ વધવા માટે "વાસ્તવિક તકો" મળે તેની ખાતરી કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આમાં આરોગ્યસંભાળ, શિક્ષણ, ગૌરવ અને અર્થપૂર્ણ કાર્ય તકોની અવરોધ વિનાની ઍક્સેસ સુનિશ્ચિત કરવાનો સમાવેશ થાય છે. આ સંદર્ભમાં એક નવો અભિગમ પૂર્વ-વિતરણ છે. મોટાભાગના અર્થશાસ્ત્રીઓ અસમાનતા ઊભી થયા પછી પુનઃવિતરણની હિમાયત કરે છે, પરંતુ આધુનિક વિચારસરણી સમાજના પુનર્ગઠન અને અસમાનતાને રોકવા માટે અસરકારક શાસન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. અમર્ત્ય સેન અને માર્થા નુસ્બૌમના સૂચનો "તકની સમાનતા" ના આ નવા દર્શનમાં સંપૂર્ણ રીતે બંધબેસે છે, જેનો હેતુ અસમાનતા થતી અટકાવવાનો છે.

વૈશ્વિક અનુભવનો ઉલ્લેખ કરતાં, દક્ષિણ કોરિયા એક સમયે યુદ્ધ પછી ઘણા આફ્રિકન દેશો કરતાં ગરીબ હતું. સરકાર મોટા પાયે કલ્યાણ ખર્ચ પરવડી શકતી ન હતી. તેના બદલે, તેણે સાર્વત્રિક શિક્ષણ, ટેકનિકલ શિક્ષણ, ગ્રામીણ વીજળીકરણ, જમીન સુધારણા અને ઔદ્યોગિકીકરણ માટે સસ્તી લોન પર ધ્યાન કેન્દ્રિત કર્યું. બીજા વિશ્વયુદ્ધ પછી, જર્મનીએ વ્યાવસાયિક શિક્ષણ, એપ્રેન્ટિસશીપ સિસ્ટમ અને જાહેર આરોગ્ય પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું. વાસ્તવમાં, આ ક્ષમતા નિર્માણ પહેલ હતી. ભારતે પણ નવીન પહેલો અમલમાં મૂકી છે.

# ભારતે શ્રમિકો, ખેડૂતો, MSME માટે એક નવો ગલ્ફ ગેટવે ખોલ્યો - શ્રી પીયૂષ ગોયલ

ભારત-ઓમાન મુક્ત વેપાર કરાર, જે ૧ જૂનથી અમલમાં આવી રહ્યો છે, તે ભારતના વિદ્યાર્થીઓ, કામદારો, મહિલાઓ, ખેડૂતો, માછીમારો અને MSME માટે નવા બજારો ખોલીને અને રોજગાર સર્જનને વેગ આપીને વૈશ્વિક સમૃદ્ધિના માર્ગો બનાવવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મિશનની નિર્ણાયક સિદ્ધિ છે.

ભારત અને ઓમાન વચ્ચે ગાઢ આર્થિક સંબંધો અને લોકો વચ્ચે ગાઢ સંબંધો છે. ઓમાનમાં આશરે સાત લાખ ભારતીયો રહે છે, જેમાં ૨૦૦-૩૦૦ વર્ષ જૂના મૂળ ધરાવતા વ્યવસાયિક પરિવારોનો પણ સમાવેશ થાય છે. ઓમાનથી ભારતમાં વાર્ષિક રેમિટન્સ આશરે ૬ૅ૨ બિલિયન છે, જ્યારે ૬,૦૦૦ થી વધુ ભારતીય સાહસો ત્યાં કાર્યરત છે.

બંને દેશો વચ્ચેનો વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (CEPA) આર્થિક અને વ્યૂહાત્મક સંબંધોને નોંધપાત્ર રીતે મજબૂત બનાવે છે. તે ઓમાનમાં ૯૮ ટકા ટેરિફ લાઈન માટે ૧૦૦ ટકા ડ્યુટી-મુક્ત બજાર પહોંચની સુવિધા આપે છે, જે ૯૯.૩૮ ટકા નિકાસને આવરી લે છે.

આ CEPA પહેલાની સિસ્ટમ કરતાં નોંધપાત્ર સુધારો દર્શાવે છે. અગાઉની સિસ્ટમ હેઠળ, ફક્ત ૧૫.૩ ટકા ભારતીય નિકાસ શૂન્ય ડ્યુટી વિના ઓમાનમાં પ્રવેશી શકતી હતી. ભારતીય માલ, જે હાલમાં ઓમાનમાં ૫ ટકા આયાત ડ્યુટી આકર્ષે છે અને આશરે $3.64 બિલિયન નિકાસ કરે છે, તે હવે નોંધપાત્ર રીતે વધુ સ્પર્ધાત્મક બનશે.

ભારતના MSME ક્ષેત્ર માટે, આ કરાર પરિવર્તનકારી સાબિત થઈ શકે છે, કારણ કે CEPAથી લાભ મેળવતા ઘણા ક્ષેત્રોમાં નાના વ્યવસાયોનું વર્ચસ્વ છે. લોખંડ અને સ્ટીલ, કાપડ, ચામડું, ઓટો ઘટકો અને ઔદ્યોગિક સાધનો જેવા ચોક્કસ ક્ષેત્રોમાં MSMEને મોટા આંતરરાષ્ટ્રીય ઓર્ડર મળવાની અપેક્ષા છે, જેનાથી ઉત્પાદન, રોકાણ અને રોજગારમાં વધારો થશે.

વધતી જતી વૈશ્વિક અસ્થિરતાના યુગમાં, CEPA ભારતીય નિકાસકારોને, જેઓ આર્થિક મંદી અને વધતા વેપાર અવરોધોનો સામનો કરી રહ્યા છે, તેમના બજારોમાં વૈવિધ્ય લાવવા અને પરંપરાગત બજારો પર નિર્ભરતા ઘટાડવા માટે એક મહત્વપૂર્ણ તક પૂરી પાડે છે.

રોજગાર સર્જન - આ વેપાર કરાર ભારતમાં મુખ્ય રોજગાર સર્જકો જેવા શ્રમ-સઘન ક્ષેત્રો જેમ કે કાપડ અને વસ્ત્રો, ચામડું અને ફૂટવેર, ખાદ્ય પ્રક્રિયા, દરિયાઈ ઉત્પાદનો, રત્નો અને ઝવેરાત અને કેટલાક એન્જિનિયરિંગ ક્ષેત્રોને લાભ આપે છે.

ઓમાનમાં કાપડ નિકાસમાં વધારો થવાથી ઉત્પાદનમાં વધારો થશે અને તિરૂપુર, સુરત, લુધિયાણા, પાણીપત, કોઈમ્બતુર, કરુર, ભદોહી, મુરાદાબાદ, જયપુર અને અમદાવાદ જેવા મુખ્ય ક્લસ્ટરોમાં રોજગારીની તકો ઊભી થશે. ભારતના કારીગરો અને વણકરોને પણ તેમના ઉત્પાદનોની આંતરરાષ્ટ્રીય માંગમાં વધારો થવાનો ફાયદો થશે.

સમગ્ર ભારતમાં ખાસ કરીને તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ તેમજ મહારાષ્ટ્ર, પંજાબ, કર્ણાટક અને મધ્ય પ્રદેશના કેટલાક ભાગો સહિત મુખ્ય ચામડા અને જૂતાના કેન્દ્રોમાં રોજગારની તકો ઊભી થશે.

CEPA રોજગાર વૃદ્ધિને કેવી રીતે વેગ આપશે તેનું બીજું એક ઉદાહરણ રત્નો અને ઝવેરાત ક્ષેત્ર છે. ભારતમાં કટ કરેલા અને પોલિશ્ડ હીરા, સોના અને ચાંદીના દાગીના અને હાથથી બનાવેલા દાગીનાના ઉત્પાદનમાં પહેલેથી જ મજબૂત ક્ષમતાઓ છે. ટેરિફ અવરોધો દૂર થવાથી ભારતીય નિકાસકારોને યુરોપિયન અને એશિયન સ્પર્ધકો પર નિર્ણાયક ફાયદો મળશે. ઉદ્યોગના અંદાજો સૂચવે છે કે આગામી ત્રણ વર્ષમાં ઓમાનમાં નિકાસ $150 મિલિયન સુધી વધી શકે છે. આનાથી પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ગુજરાતના દાગીના ઉત્પાદન કેન્દ્રોમાં નોંધપાત્ર રોજગારીની તકો ઊભી થવાની અપેક્ષા છે.



ખેડૂતો અને માછીમારો - સ્થાનિક ખેડૂતો અને સંવેદનશીલ કૃષિ હિતોનું રક્ષણ કરવા માટે, ભારતે ઘઉં, ચોખા, મકાઈ, શ્રી અન્ન, ડેરી, ફળો, શાકભાજી, ખાદ્ય તેલ, તેલીબિયાં, ચા, કોફી અને મધ જેવા મુખ્ય ઉત્પાદનો પર કોઈ ટેરિફ મુક્તિ આપી નથી. ભારત ઘી, મધ, મીઠા બિસ્કિટ, ઈંડા અને કેટલાક કન્ફેક્શનરી ઉત્પાદનોમાં હરીફો પર સ્પર્ધાત્મક ફાયદો મેળવશે, જેનાથી દેશના કૃષિ ઉત્પાદનોની માંગ વધશે અને ગ્રામીણ આવકમાં વધારો થશે.

આ કરારમાં ભારતના નેશનલ પ્રોગ્રામ ફોર ઓર્ગેનિક પ્રોડક્શન (NPOP) પ્રમાણપત્રની સ્વીકૃતિ અને માન્યતાની પણ જોગવાઈ છે, જે ભારતીય ખેડૂતોને મુખ્ય ખાદ્ય આયાતકાર ઓમાનમાં ઓર્ગેનિક ઉત્પાદનો વેચવાની વિશાળ તકો આપશે.

દરિયાઈ ઉત્પાદનોમાં પણ વિશાળ સંભાવનાઓ રહેલી છે. ૨૦૨૨ અને ૨૦૨૪ વચ્ચે ઓમાનની દરિયાઈ ઉત્પાદનોની આયાત આશરે ૧૧૯ મિલિયન ડોલર થવાનો અંદાજ હતો. ભારતમાંથી આયાત ફક્ત ૭.૭૫ મિલિયન ડોલર હતી, જે ઝીંગા અને ફ્રોઝન કટલફિશ જેવા ભારતીય સીફૂડ નિકાસ માટે વિશાળ તકો રજૂ કરે છે. શ્રમ-સઘન દરિયાઈ ઉત્પાદનો ઉદ્યોગ માછીમારી, પ્રક્રિયા, પેકેજિંગ, કોલ્ડ-ચેઈન લોજિસ્ટિક્સ અને નિકાસ કામગીરીમાં વધારાની નોકરીઓ પેદા કરી શકે છે.

દવાઓ અને પરંપરાગત ચિકિત્સા - USFDA, EMA, UK MHRA અને TGA જેવા નિયમનકારો દ્વારા મંજૂર કરાયેલી ભારતીય દવાઓને ૯૦ દિવસની અંદર ઓમાનમાં ઓટોમેટિક માર્કેટિંગ અધિકૃતતા પ્રાપ્ત થશે - જે ભારતીય ફાર્મા નિકાસકારો માટે એક મોટી સફળતા છે.

એ પણ મહત્વપૂર્ણ છે કે CEPA ભારતની પરંપરાગત ચિકિત્સા સેવાઓ માટે તકો ઊભી કરે. તે પરંપરાગત દવામાં સંયુક્ત સંશોધનની જોગવાઈ કરે છે.

સેવાઓ અને પરિવહન - કરારનું બીજું મહત્વપૂર્ણ પાસું સેવાઓ અને પરિવહનમાં રહેલો છે. ઓમાને વ્યાવસાયિક સેવાઓ, કોમ્પ્યુટર અને આઈટી સેવાઓ, શિક્ષણ, આરોગ્યસંભાળ, પર્યટન, સંશોધન અને વિકાસ અને પર્યાવરણીય સેવાઓ સહિત ચોક્કસ નિકાસ ક્ષેત્રોમાં ભારત સાથે વ્યાપારી રીતે નોંધપાત્ર પ્રતિબદ્ધતાઓ વ્યક્ત કરી છે. એકાઉન્ટિંગ, એન્જિનિયરિંગ, દવા, બાંધકામ, શિક્ષણ અને કન્સલ્ટિંગ જેવા ક્ષેત્રોમાં ભારતીય વ્યાવસાયિકોને બજાર પહોંચમાં સુધારો થવાથી લાભ થવાની અપેક્ષા છે. મહત્વપૂર્ણ વાત એ છે કે, ઓમાન ભારતીય વ્યાવસાયિકો અને કામદારો માટે ગતિશીલતા પ્રતિબદ્ધતાઓ વધારવા માટે સંમત થયું છે. ઈન્ટર-કોર્પોરેટ ટ્રાન્સફર કરનારાઓ અને કોન્ટ્રાક્ટ સર્વિસ પ્રોવાઈડર્સને ચાર વર્ષ સુધી રહેવાની મંજૂરી આપવામાં આવશે, જ્યારે બિઝનેસ મુલાકાતીઓ અને ફ્રીલાન્સ વ્યાવસાયિકો સરળ કામચલાઉ પ્રવેશનો આનંદ માણી શકશે. તેણે ઈન્ટર-કોર્પોરેટ ટ્રાન્સફર કરનારાઓ માટે ઉપલી મર્યાદા ૨૦ ટકાથી વધારીને ૫૦ ટકા કરી છે.

વિકસિત દેશો સાથે વેપાર કરારો પર હસ્તાક્ષર કરવાની મોદી સરકારની પહેલ એ દરેક ભારતીયના જીવનને સુધારવાના પ્રધાનમંત્રીના મિશનનો એક ભાગ છે. ઓમાન સાથેનો કરાર એ યાદ અપાવે છે કે વેપાર એ વૃદ્ધિ, રોજગાર સર્જન અને સહિયારી સમૃદ્ધિ માટે એક શક્તિશાળી સાધન છે. વિભાજિત અને સંરક્ષણવાદી વિશ્વમાં, પીએમ મોદી સ્પષ્ટ સંદેશ મોકલી રહ્યા છે કે એક નવું, આત્મવિશ્વાસુ ભારત પાછળ હટશે નહીં. તે ભાગીદારી, સ્પર્ધા અને વૈશ્વિક જોડાણ દ્વારા આગળ વધશે.

(લેખક - કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી છે.)

### ભારતીય નિકાસકારોની બલ્લે-બલ્લે

# આજથી લાગું થયો ભારત-ઓમાન CEPA કરાર

### આ એગ્રીમેન્ટ અંતર્ગત ભારતીય ઉત્પાદનોને ઓમાનના બજારમાં લગભગ પૂરી રીતે ડ્યુટી-ફ્રી એક્સેસ મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને ઓમાન વચ્ચે વ્યાપક આર્થિક ભાગીદારી કરાર **(CEPA – Comprehensive Economic Partnership Agreement)** આજથી એટલે કે, ૧ જૂનથી લાગુ થઈ ગયો છે. આ એગ્રીમેન્ટને બંને દેશોના વ્યાપારી સંબંધો માટે એક મોટું પગલું માનવામાં આવી રહ્યું છે. સરકારનું માનવું છે કે આનાથી ભારતીય કંપનીઓને ઓમાનના બજારમાં વધુ પહોંચ મળશે, નિકાસ વધશે અને ઘણા સેક્ટર્સને નવી તકો મળશે. સાથે જ કેટલાક ઓમાની ઉત્પાદનો ભારતીય બજારમાં સસ્તા થઈ શકે છે. આ સમજૂતી સોમવાર એટલે કે, ૧ જૂનથી લાગુ થઈ ગઈ છે. નાણા મંત્રાલયે રવિવારે આ કરાર અંતર્ગત ઓમાનથી આવતા ઉત્પાદનો પર શુલ્ક રાહતો અંગેની અધિસૂચના બહાર પાડી હતી. આ એગ્રીમેન્ટ હેઠળ ભારતને ઓમાનના લગભગ ૯૮ ટકા ટેરિફ લાઈન્સ પર ૧૦૦ ટકા ડ્યુટી-ફ્રી એક્સેસ મળશે. આનો અર્થ એ છે કે મોટી સંખ્યામાં ભારતીય ઉત્પાદનો આયાત શુલ્ક વિના ઓમાન મોકલી શકાશે. આનાથી ભારતીય સામાન ત્યાં વધુ કોમ્પિટિટિવ બનશે અને નિકાસકારોને ફાયદો થશે.

ભારત-ઓમાન CEPAનો સૌથી મોટો ફાયદો એન્જિનિયરિંગ ગુડ્સ, ફાર્મા, કૃષિ ઉત્પાદનો, પ્રોસેસ્ડ ફૂડ, ટેક્સટાઈલ, કેમિકલ્સ, ઈલેક્ટ્રોનિક્સ, પ્લાસ્ટિક, જેમ્સ એન્ડ જ્વેલરી અને દરિયાઈ ઉત્પાદનો સાથે જોડાયેલા ઉદ્યોગોને મળવાની આશા છે. અત્યાર સુધી આ ઉત્પાદનો પર ઓમાનમાં ૫ ટકાથી લઈને ૧૦૦ ટકા સુધીનો ટેરિફ લાગતો હતો. ટેરિફ હટવાથી ભારતીય કંપનીઓની પડતર કિંમત ઘટશે અને તેમના ઉત્પાદનો ત્યાં વધુ આકર્ષક બનશે. વિશેષ રૂપે મધ, કાજુ, બોનલેસ મીટ, બેકરી ઉત્પાદનો, ચોકલેટ, ડેરી પ્રોડક્ટ્સ અને ફ્રોઝન ફિશ જેવી વસ્તુઓને મોટો ફાયદો મળી શકે છે. ભારત પહેલાથી જ ઓમાનને ઘણા કૃષિ અને ખાદ્ય ઉત્પાદનો નિકાસ કરે છે અને હવે આ વ્યાપારમાં વધુ તેજી આવવાની સંભાવના છે.

આ સમજૂતી માત્ર વસ્તુઓના વેપાર પૂરતી સીમિત નથી. આના દ્વારા ભારતીય પ્રોફેશનલ્સને પણ ઓમાનમાં કામ કરવાની વધુ સારી તકો મળી શકે છે.

આઈટી, એકાઉન્ટિંગ, એન્જિનિયરિંગ, મેડિકલ, એજ્યુકેશન અને કન્સલ્ટિંગ જેવા ક્ષેત્રોમાં ભારતીય પ્રોફેશનલ્સ માટે પ્રવેશ અને કામકાજના નિયમોને સરળ બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, ઘણા સર્વિસ સેક્ટર્સમાં ભારતીય કંપનીઓ માટે ૧૦૦ ટકા વિદેશી રોકાણની મંજૂરી પણ સામેલ છે. ફાર્મા સેક્ટરને પણ રાહત મળશે કારણ કે અમેરિકા અને યુરોપની અગ્રણી નિયમનકારી સંસ્થાઓ દ્વારા માન્યતા પ્રાપ્ત દવાઓ માટે ઓમાનમાં માર્કેટિંગ મંજૂરીની પ્રક્રિયાને ઝડપી બનાવવાની જોગવાઈ કરવામાં આવી છે.

આ કરાર પછી કેટલાક ઓમાની ઉત્પાદનો ભારતમાં સસ્તા થઈ શકે છે. ભારતે દર વર્ષે ૨,૦૦૦ ટન સુધીના ઓમાની ખજૂરની આયાત પર ડ્યુટી-ફ્રી સુવિધા આપી છે. આ સિવાય ગમ અરેબિક, લોબાન, પેટ્રોકેમિકલ્સ અને માર્બલ જેવા કેટલાક ઉત્પાદનો પર પણ રાહતો આપવામાં આવી છે. આનાથી આ વસ્તુઓની કિંમતો પર અસર પડી શકે છે. જો કે, ભારતે પોતાના ઘણા સેક્ટર્સને સુરક્ષિત રાખવા માટે હજારો ટેરિફ લાઈનોને આ કરારથી બહાર રાખી છે, જેથી સ્થાનિક ઉદ્યોગો અને ખેડૂતો પર નકારાત્મક અસર ન પડે.

નિષ્ણાતોનું માનવું છે કે, આ કરાર માત્ર વેપાર વધારવાનું માધ્યમ નથી, પરંતુ મિડલ ઈસ્ટમાં ભારતની આર્થિક અને વ્યૂહાત્મક હાજરીને પણ મજબૂત કરશે. ઓમાન ઊર્જા સુરક્ષા, સપ્લાય ચેઈન અને અખાતી દેશોના બજાર સુધી પહોંચવાની દૃષ્ટિએ ભારત માટે મહત્વપૂર્ણ ભાગીદાર બની રહ્યું છે. આવા સમયમાં CEPA આગામી વર્ષોમાં બંને દેશો વચ્ચેના વેપાર અને રોકાણને નવી ઊંચાઈ આપી શકે છે.

### અનેક શ્રમિક બેભાન થયા

# લુધિયાણાની ફેક્ટરીમાં ગેસ લીક થતાં પિતા-પુત્ર સહિત ૩ના મોત

### પિતા-પુત્ર સહિત ત્રણ લોકોના ગૂંગળામણના કારણે મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)લુધિયાણા

પંજાબના લુધિયાણામાં સોમવારે વહેલી સવારે સર્જાયેલી એક દુઃખદ ઔદ્યોગિક દુર્ઘટનાએ સમગ્ર વિસ્તારને હચમચાવી મૂકયો છે. પાના-ચાવી બનાવતી એક ફેક્ટરીમાં અચાનક ઝેરી ગેસ ગળતર થતાં ત્યાં કામ કરી રહેલા મજૂરોમાં અફરા-તફરી મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં પિતા-પુત્ર સહિત ત્રણ લોકોના ગૂંગળામણના કારણે મોત નીપજ્યા છે, જ્યારે અન્ય કેટલાક મજૂરોની તબિયત લથડતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટના બાદ ફેક્ટરી પરિસર અને આસપાસના વિસ્તારોમાં ભયનો માહોલ બની ગયો છે. મૃતકોની ઓળખ માનસિંહ અને તેમના પુત્ર અમિત તરીકે થઈ છે, જ્યારે ત્રીજા મૃતકની ઓળખ શ્રીરામ તરીકે થઈ છે. આ વ્યક્તિ ફેક્ટરીમાં જ કામ કરતા હતા અને રોજની જેમ સોમવારે સવારે પણ પોતાની ડ્યૂટી પર આવ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા પ્રમાણે સવારે કામકાજ સામાન્ય રીતે ચાલી રહ્યું હતું. આ દરમિયાન અચાનક કોઈ પાઈપલાઈન અથવા ગેસ સિલિન્ડરમાંથી ઝેરી ગેસ લીક થવાનું શરૂ થઈ ગયું. જોતજોતામાં આ ગેસ સમગ્ર પરિસરમાં ફેલાઈ ગયો હતો અને ત્યાં હાજર કર્મચારીઓને શ્વાસ લેવામાં તકલીફ, આંખોમાં બળતરા તેમજ ગૂંગળામણ થવા લાગી હતી.કેટલાક શ્રમિકોએ બહાર નીકળવાનો પ્રયાસ કર્યો, પરંતુ ગેસની અસર એટલી તેજ હતી કે ઘણા શ્રમિકો સ્થળ પર જ બેભાન થઈને ઢળી પડ્યા.

ઘટનાની માહિતી મળતાં જ ફેક્ટરી મેનેજમેન્ટ, સ્થાનિક વહીવટીતંત્ર અને રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ. સલામતી સાધનોથી સજ્જ બચાવ કાર્યકરોએ ફેક્ટરીમાં ફસાયેલા કામદારોને બહાર કાઢવાનું શરૂ કર્યું.

ગંભીર રીતે પ્રભાવિત માન સિંહ અને તેમના પુત્ર અમિતને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા, પરંતુ ડોક્ટર્સે તપાસ બાદ બંનેને મૃત જાહેર કર્યા. દુર્ઘટનાના સમાચાર મળતા જ પરિવારજનોમાં હાહાકાર મચી ગયો. અન્ય પ્રભાવિત શ્રમિકોની વિવિધ હોસ્પિટલોમાં સારવાર ચાલી રહી છે. તબીબોના જણાવ્યા પ્રમાણે કેટલાક શ્રમિકોની હાલત હજુ પણ ગંભીર હોવાથી તેમને ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે. મૃતકોના શવને પોસ્ટમોર્ટમ માટે કેન્સર હોસ્પિટલના પીએમ રૂમ (મોર્ચરી)માં રાખવામાં આવ્યા છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી દીધી છે. આ સાથે જ સંબંધિત વિભાગોની ટીમો પણ ગેસ ગળતરના વાસ્તવિક કારણોની ભાળ મેળવવામાં જોતરાઈ છે.

### આયુષ્માન ભારત યોજના હેઠળ નિઃશુલ્ક સારવારથી જીવનમાં નવી આશા

# પિત્તાશયની સર્જરી અને નિઃશુલ્ક સારવારનો લાભ મળતા પ્રધાનમંત્રીને પત્ર લખી માન્યો આભાર

કચ્છ જિલ્લાના આદિપુર શહેરના રહેવાસી શ્રી મોહનભાઈ ગોવિંદભાઈ મહેશ્વરીએ પ્રધાનમંત્રીને પત્ર લખી આયુષ્માન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ મળેલી નિઃશુલ્ક સારવાર બદલ આભાર વ્યક્ત કર્યો છે. તેમણે લાગણીથી લખેલા પત્રમાં જણાવ્યું છે કે, તેમના પિતાજી શ્રી ગોવિંદભાઈ મહેશ્વરીને પિત્તાશયની તકલીફ હોવાથી તબીબી સારવાર અને સર્જરીની જરૂર હતી. આયુષ્માન કાર્ડ દ્વારા આ સારવાર અને ઓપરેશન ભુજની ખાનગી હોસ્પિટલમાં નિઃશુલ્ક કરવામાં આવ્યું હતું. ખાનગી હોસ્પિટલમાં ગુણવત્તાસભર આરોગ્ય સેવા મળવાથી તેઓ આ યોજનાથી ખૂબ રાજી થયા છે. મોહનભાઈએ ભારત સરકારની આ યોજનાને સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારો માટે આશીર્વાદ સમાન ગણાવી છે અને યોજનાના વ્યાપક લાભની પ્રશંસા કરતાં તેમણે માનનીય પ્રધાનમંત્રીશ્રીનો અને આ યોજનાથી જોડાયેલા તમામ કર્મચારીઓનોને હૃદયપૂર્વક અભિનંદન આપતા આભાર વ્યક્ત કર્યો છે.પોતાના પત્રમાં તેમણે જણાવ્યું છે કે આયુષ્માન ભારત યોજના ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો માટે આરોગ્ય સુરક્ષાનું મજબૂત કવચ બની છે. તેમના દ્વારા લખાયેલા આ આભાર પત્રથી સ્પષ્ટ થાય છે કે આયુષ્માન ભારત યોજના દેશના લાખો પરિવારોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં અસરકારક સાબિત થઈ રહી છે. તેમજ કેન્દ્ર સરકારની આ આરોગ્ય યોજના દેશના કરોડો નાગરિકોને આરોગ્ય સુરક્ષા પૂરી પાડીને સર્વસમાવેશી વિકાસના ધ્યેયને સાકાર કરી રહી છે. શ્રી મોહનભાઈએ પત્ર દ્વારા પ્રધાનમંત્રીશ્રીને અભિનંદન પાઠવતા લખ્યું છે કે ગરીબ પરિવારોને આ યોજનાનો લાભ મળતો રહે અને ૨૦૪૭માં સમગ્ર દેશ સ્વર્ણ ભારત બની રહે એવી અભિલાષા પણ વ્યક્ત કરી છે.

# નવરંગપુરાના સ્પોર્ટ્સ ક્લબમાં બોમ્બ હોવાની ધમકી, તંત્ર દોડતું થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરના પોશ વિસ્તાર નવરંગપુરામાં આવેલા સરદાર પટેલ સ્ટેડિયમ નજીકના સ્પોર્ટ્સ ક્લબમાં બોમ્બ હોવાનો ધમકીભર્યો મેસેજ મળતાં ચકચાર મચી ગઈ હતી. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને સ્થાનિક નવરંગપુરા પોલીસનો કાફલો તાત્કાલિક અસરથી સ્થળ પર રવાના થઈ ગયો હતો. આ ધમકી મળ્યા બાદ તુરંત જ તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે અને ક્લબ પરિસરને ખાલી કરાવીને સુરક્ષા વધારી દેવામાં આવી હતી.

મહત્વનું છે કે નારણપુરા પોલીસ સ્ટેશનની હદમાં નવરંગપુરા સરદાર પટેલ સ્ટેડિયમ પાસે આ સ્પોર્ટ્સ ક્લબ આવેલું છે. પોલીસને એક લેટર દ્વારા આ અંગે જાણ થઈ છે. ધમકીના પગલે કોઈ પણ અનિચ્છનીય ઘટનાને ટાળવા માટે બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડ અને ફાયર બ્રિગેડની ગાડીઓ પણ ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. હાલ સુરક્ષા એજન્સીઓ દ્વારા મેટલ ડિટેક્ટર અને આધુનિક સાધનોની મદદથી ક્લબના ખૂણે-ખૂણાની સર્ચ કરવામાં આવી રહી છે. આ ધમકી કોઈની મજાક છે કે પછી કોઈ મોટું ષડયંત્ર, તે અંગે પોલીસ ટેકનિકલ સર્વેલન્સની મદદથી ધમકી આપનાર અંગે તપાસ હાથ ધરી હતી.

# મ્યાનમારમાં મહાવિસ્ફોટ: વિસ્ફોટકોના ગોદામમાં પ્રચંડ બ્લાસ્ટ થતાં બાળકો સહિત ૫૦થી વધુ લોકો ભડથું!

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

ઉત્તર-પૂર્વ મ્યાનમારમાં ચીનની સરહદથી માત્ર ત્રણ કિલોમીટર દૂર આવેલા એક ગામમાં રવિવારે બપોરના સમયે એક ભયાનક વિસ્ફોટ થતાં ૪૫થી વધુ લોકોના મોત નીપજ્યા છે અને ૭૦ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે. રાહતકર્મીઓ અને મીડિયા અહેવાલો અનુસાર, જે ઈમારતમાં આ બ્લાસ્ટ થયો ત્યાં ખાણકામ માટેના વિસ્ફોટકોનો સંગ્રહ કરવામાં આવ્યો હતો. મૃતકોની ચોક્કસ સંખ્યા અંગે અલગ-અલગ અહેવાલો મળી રહ્યા છે; સમાચાર એજન્સીઓ અને સ્થાનિક મીડિયાના જણાવ્યા મુજબ મૃત્યુઆંક ૪૬ થી ૫૯ ની વચ્ચે હોવાની આશંકા છે, જેમાં



બાળકોનો પણ સમાવેશ થાય છે.આ ભયાનક વિસ્ફોટના કારણે આસપાસની અનેક રહેણાંક ઈમારતોને ભારે નુકસાન પહોંચ્યું છે અને વિસ્તારમાં તારાજી સર્જી છે. રાહતકર્મીઓ કાટમાળ નીચે દટાયેલા લોકોને શોધવા માટે સતત રાહત અને બચાવ કામગીરી ચલાવી રહ્યા છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા છે, પરંતુ દર્દીઓની મોટી સંખ્યાને કારણે હોસ્પિટલમાં લોહીની ભારે અછત સર્જી હોવાના અહેવાલ છે. આ સમગ્ર વિસ્તાર હાલમાં તા'આંગ નેશનલ લિબરેશન આર્મી નામના વંશીય વિદ્રોહી જૂથના નિયંત્રણમાં છે, જે ૨૦૨૧ના સૈન્ય બળવા પછી મ્યાનમારની સરકાર સામે લડી રહ્યું છે. ઘટના બાદ ટીએનએલએ દ્વારા ટેલિગ્રામ પર એક નિવેદન બહાર પાડીને સ્વીકારવામાં આવ્યું છે કે તેમના આર્થિક વિભાગે ખાણકામ અને પથ્થરની ક્વોરી સાઈટ્સમાં ઉપયોગ માટે અહી વિસ્ફોટક સંગ્રહિત કર્યો હતો. આ વિસ્ફોટકનો યોગ્ય રીતે સંગ્રહ ન કરવામાં આવે તો તે સમય જતાં અત્યંત અસ્થિર અને જોખમી બની શકે છે.





PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ગુજરાતમાં શાળાઓનુ વેકેશન લંબાયુ હોવાની ચર્ચાએ પકડયુ જોર : પરંતુ નીકળી અફવા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ઉનાળાની અસહ્ય ગરમી વચ્ચે શાળાઓનુ વેકેશન લંબાવવાયુ હોવાના મેસેજ સોશીયલ મીડીયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યા છે. કેટલાક મેસેજોમાં રાજય સરકારે શાળાઓ ૮ જુનના બદલે ૧૮ જુન થી શરૂ કરવાનો નિર્ણય લીધો હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. રાજયના અનેક વિસ્તારોમાં તાપમાન ૪૫ ડીગ્રી થી વધુ નોંધાતા અને કેટલાક વિસ્તારોમાં હીટવેવ જેવી સ્થિતિ સર્જાતા વેકેશન લંબાવવાની માંગ ઉઠી હતી.



આ દરમિયાન સોશીયલ મીડીયા પર એવા મેસેજો વાયરલ થયા છે કે સરકારે ગરમીને ધ્યાનમાં રાખીને શાળાઓ ૧૮ જુન થી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. શિક્ષણ વિભાગે આ દાવાઓને સંપૂર્ણપણે ખોટા અને પાયાવિહોણા ગણાવ્યા છે. શિક્ષણ વિભાગના સુત્રોએ સ્પષ્ટતા કરી હતી કે રાજયમાં શાળાઓનુ ઉનાળુ વેકેશન લંબાવવાનો કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી, વિભાગના નિયત શૈક્ષણિક કેલેન્ડર મુજબ ૮ જુન થી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે, વિભાગે વાલીઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકોને માત્ર સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ રાખવા અને સોશીયલ મીડીયા પર ફેલાતા ભ્રામક સંદેશાઓથી દુર રહેવા અપીલ કરી હતી.

શિક્ષણ વિભાગે જણાવ્યુ હતુ કે અત્યાર સુધી આવી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, વેકેશન લંબાવવાના મુદ્દે કોઈ અંતિમ નિર્ણય લેવાયો નથી અને હાલમાં શાળાઓ સમયપત્રક મુજબ જ શરૂ થશે.

શાળા સંચાલકો અને શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલા વિવિધ સંગઠનો દ્વારા સરકાર સમક્ષ અલગ અલગ રજુઆતો કરવામાં આવી છે. કેટલાક વર્ગો દ્વારા ગરમીને ધ્યાનમાં રાખીને વેકેશન લંબાવવાની માંગ કરવામાં આવી હતી, તો બીજી તરફ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે શાળાઓ સમયસર શરૂ કરવાની રજુઆત કરી છે. સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ ડી વી મહેતાએ જણાવ્યુ હતુ કે કોરોના પછી વિદ્યાર્થીઓના અભ્યાસ અને શૈક્ષણિક વિકાસ પર પહેલેથી જ અસર પડી છે. જો શાળાઓ વધુ મોડે થી શરૂ થશે તો અભ્યાસક્રમ પૂર્ણ કરવામાં મુશ્કેલી ઉભી થઈ શકે છે. ખાસ કરીને ગણિત, વિજ્ઞાન અને બોર્ડ પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે દરેક દિવસ મહત્વનો છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે ઓનલાઈન શિક્ષણ કરતા પ્રત્યક્ષ શિક્ષણ વધુ અસરકારક છે અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે નિયમિત વર્ગખંડ શિક્ષણ જરૂરી છે. તેથી સરકારે શૈક્ષણિક હિતને ધ્યાનમાં રાખીને સમયસર શાળાઓ શરૂ કરવી જોઈએ.

એકતરફ શાળાઓ શરૂ થવાની તૈયારી ચાલી રહી છે. તો બીજી તરફ ગાંધીનગર સહિત કેટલાક શહેરોમાં સ્કુલવાન અને રીક્ષા ભાડામાં વધારો જાહેર થતા વાલીઓની ચિંતા વધી છે. ગાંધીનગર સ્કુલવાન એસોસીએશને નવા શૈક્ષણિક સત્રથી ભાડામાં ૧૦ ટકા વધારો કરવાની જાહેરાત કરી છે. એસોસીએશનના જણાવ્યા મુજબ છેલ્લા બે-ત્રણ વરસમાં ભાડામાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. પરંતુ પેટ્રોલ, ડીઝલ અને સીએનજી ના સતત વધી રહેલા ભાવોને કારણે હવે વધારો અનિવાર્ય બન્યો છે.

# કામના બોજથી કંટાળ્યા શિક્ષકો : સુરતમાં કર્યો સુત્રોચ્ચાર: વસ્તી ગણતરીની ડયુટી અંગે નજીકમાં મુકવાની કરી માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સુરત શહેર સહિત ગુજરાતભરમાં આજે તારીખ ૧ જુન થી વસ્તી ગણતરીની કામગીરીનો પ્રારંભ થયો છે. ત્યારે સુરતના શિક્ષકોમાં તંત્રની કામગીરી સામે ભારે નારાજગી જોવા મળી હતી. શિક્ષકોએ મોટી સંખ્યામાં એકઠા થઈને સુત્રોચ્ચાર કર્યા હતા કે બહેનોને સંવેદનશીલ એરીયામાંથી મુકત કરો, ઘર કે શાળા નજીક અમને ડયુટી આપો, વસ્તી ગણતરી કરીશુ ઘર નજીક, શાળા નજીક,



રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ઉધના ઝોનના સંગઠન મંત્રી ભાર્ગવ ત્રિવેદીએ જણાવ્યુ હતુ કે વસ્તી ગણતરીની કામગીરી શરૂ થઈ ગઈ હોવા છતાં શિક્ષકોને હજુ સુધી કોઈ કીટ ફાળવવામાં આવી નથી. સૌથી મોટો પ્રશ્ન શિક્ષિકા બહેનોની સુરક્ષાનો છે. કારણ કે તેમને ઝુંપડપટ્ટી અને ઘરથી અત્યંત દુરના સેન્સેટીવ વિસ્તાર ફાળવ્યા છે. શાળાના સમય બાદ આવા વિસ્તારોમાં કામગીરી કરવા જવુ મહિલાઓ માટે જોખમી બની શકે છે. શિક્ષિકા સુરેખાબેન પટેલે પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યુ હતુ કે મને ફાળવવામાં આવેલો વિસ્તાર મારી શાળાથી ૧૦ કિ.મી. અને ઘરથી ૧૩ થી ૧૪ કિ.મી. જેટલો દુર છે. વધુમાં અગાઉ ૨૦૦ ઘરની કામગીરી સોંપવાની હતી, પરંતુ હવે તેના બદલે ૬૦૦ થી વધુ ઘરોનો સર્વે કરવાનો વારો આવ્યો છે. અખીલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષ કિરીટ પટેલે પણ તંત્રની કામગીરી પર સવાલો ઉઠાવતા કહ્યુ હતુ કે આગામી તારીખ ૮ જુન થી શાળાના નવા સત્રની શરૂઆત થઈ રહી છે. ત્યારે શિક્ષકો પાસે બીએલઓની કામગીરી, વસ્તી ગણતરી અને સાથે સાથે શાળામાં પ્રવેત્સોસવ અને નવા એડમીશનના એકાઉન્ટ ખોલવાની જવાબદારીઓ છે. એક શિક્ષક આ ૩-૩ કામગીરી કઈ રીતે પહોચી વળશે તે એક મોટો પ્રશ્ન છે, કેટલાક કિસ્સાઓમાં તો એક જ શિક્ષકને એક કરતા વધુ બ્લોકના સર્વે ની કામગીરી સોંપી દેવામાં આવી છે. સેન્સેટીવી એરીયા અને વધુ અંતરને કારણે ચાલુ શાળાના સમય બાદ આ કામગીરી કરવી અત્યંત મુશ્કેલ સાબિત થઈ રહ્યુ છે. શિક્ષકોએ વહિવટી તંત્ર પાસે ૩ માંગ કરી છે. જેમાં સૌથી પહેલા ઝોન બદલવા માટે મહિલા શિક્ષકો સહિત ૭૮૬ જેટલી અરજી કરાઈ હતી, જેનો હજુ સુધી કોઈ યોગ્ય નિકાલ આવ્યો નથી તેથી તે સત્વરે ઉકેલવામાં આવે, તો બીજી તરફ દરેક શિક્ષકને માત્ર એક જ બ્લોક ફાળવવામાં આવે અને તે તેમના ઘર અથવા શાળાની નજીક આપવામાં આવે, જયારે અન્ય ત્રીજી માંગ છે કે જે શિક્ષકો વસ્તી ગણતરી કરી રહ્યા છે તેમને બીએલઓની કામગીરીમાંથી મુકત કરવામાં આવે અથવા તો તેમના ઓર્ડર નજીકમાં જ કરવામાં આવે, જો તંત્ર આ માંગણી સંતોષશે તો શિક્ષકો રાષ્ટ્ર હિતની આ વસ્તીગણતરીની કામગીરી સરળતાથી અને અસરકારક રીતે કરી શકશે તેવો વિચાર શિક્ષકોએ વ્યકત કર્યો છે.

# ગાંધીનગરમાં કલાસ-૧ અધિકારી એ બી ચૌધરી ૫ લાખ ની લાંચ લેતા રંગે હાથ ઝડપાયા: ચૌધરીના અમદાવાદ-સુરત નિવાસસ્થાને દરોડા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગાંધીનગરમાં ભ્રષ્ટાચાર વિરૂધ્ધ એસીબીએ મોટી કાર્યવાહી હાથ ધરી છે. વિદ્યુત નિરીક્ષક કચેરીના કલાસ-૧ અધિકારી એ બી ચૌધરીને ૫ લાખ રૂપીયાની લાંચ લેતા રંગે હાથ ઝડપી લેવામાં આવ્યા છે. સોલાર પેનલ સંબંધીત મંજુરી અને એનઓસી આપવા માટે લાંચની માંગણી કરવામાં આવી હોવાનુ બહાર આવ્યુ છે. અધિકારીની ધરપકડ બાદ સરકારી વિભાગોમાં ભારે ફફડાટ વ્યાપી ઉઠયો હતો.



મળેલી માહિતી મુજબ ગાંધીનગર એસીબીને કલાસ-૧ અધિકારી એ બી ચૌધરી વિરૂધ્ધ ચોકકસ ફરીયાદ મળી હતી, ફરીયાદમાં આરોપ મુકાયો હતો કે સોલાર પેનલ ફીટીંગ માટે જરૂરી લાયસન્સ અને એનઓસી આપવા બદલ મોટી રકમની માંગણી કરવામાં આવી રહી હતી, ફરીયાદના આધારે એસીબીએ જાળ બિછાવીને ટ્રેપ ગોઠવી હતી, દરમિયાન અધિકારીને કચેરી પરીસરમાં જ રૂપીયા ૫ લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપી લેવામાં આવ્યા હતા. એસીબીની ટીમે કાર્યવાહી બાદ અધિકારીની કારની તપાસ કરી હતી, તપાસ દરમિયાન કારમાંથી અલગ થી રાખેલા ૫ લાખ થી વધુની રોકડ રકમ પણ મળી આવી હતી, આ રોકડ અંગે અધિકારી સતોષકારક જવાબ આપી શકયા ન હતા. આથી એસીબીને વધુ શંકા જતા સમગ્ર મામલાની ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે. એસીબીના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ જુદી જુદી ટીમો બનાવીને અધિકારીના અમદાવાદ અને સુરત સ્થિત નિવાસસ્થાનો પર મોડી રાત્રે દરોડા પાડવામાં આવ્યા હતા.

દરોડા દરમિયાન એસીબીને કરોડો રૂપીયાના બેનામી નાણાંકીય વ્યવહારો, ફીકસ ડીપોઝીટસ, સોના ચાંદીના દાગીના અને કરોડોની કિંમતની મિલ્કતોના દસ્તાવેજો મળી આવ્યા હોવાનુ જાણવા મળી રહ્યુ છે. હાલ એસીબી અધિકારીની કાયદેસરની આવક અને મળી આવેલી સંપત્તિ વચ્ચે સરખામણી કરી રહી છે.

તપાસમાં વધુ મોટા ખુલાસા થવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે. આ ઘટનાએ ફરી એકવાર સરકારી કચેરીઓમાં ફેલાયેલા ભ્રષ્ટાચાર મુદ્દે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.


## સાબરકાંઠા જિલ્લાની પ્રાંતિજ નગરપાલિકા ભાજપમાં ભુકંપ:

# પ્રમુખ પતિની દરમિયાનગીરી ભારે પડી: પ્રાંતિજમાં મનમાનીથી કંટાળી ભાજપના ૧૫ કોર્પોરેટરોએ આપ્યા ધડાધડ રાજીનામા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકાના સત્તાધારી પક્ષ ભાજપમાં આંતરીક વિખવાદ અને જુથવાદ ચરમસીમાએ પહોચ્યો છે. પાલીકાના મહિલા પ્રમુખ અનિતાબેન પંડયા અને તેમના પતિ જિગ્નેશ પંડયા વિરૂધ્ધ વહિવટમાં મનમાની કરવાના ગંભીર આક્ષેપો સાથે ભાજપના જ ૧૫ કોર્પોરેટરોએ એકાએક બળવો પોકારતા ભાજપમાં ભુકંપ સર્જાયો છે. આ નારાજ કોર્પોરેટરોએ ભેગા મળીને પોતાની સહીઓવાળો સામુહિક રાજીનામાનો પત્ર જિલ્લા ભાજપ પ્રમુખને મોકલી આપતા ચકચાર મચી જવા પામી છે. આ પત્ર સોશીયલ મીડીયામાં વાયરલ થતા જ સ્થાનિક રાજકારણમાં મોટો ભુકંપ સર્જાયો છે.




પ્રાંતિજ નગરપાલિકાના કુલ સંખ્યાબળ અને વર્તમાન સ્થિતિ પર નજર કરીએ તો ભાજપ અહીં સ્પષ્ટ બહુમતી સાથે મજબુત સ્થિતિમાં હતુ, પરંતુ આ આંતરીક જુથવાદે આખુ ચિત્ર બદલી નાખ્યુ છે. પાલિકામાં કુલ ૨૪ બેઠકો આવેલી છે. જેમાંથી ૧૯ બેઠકો પર ભાજપના કોર્પોરેટરો ચુંટાયેલા છે, આશ્ચર્યની વાત એ છે કે ભાજપના આ ૧૯ કોર્પોરેટરોમાંથી ૧૪ થી ૧૫ કોર્પોરેટરોએ પ્રમુખ વિરૂધ્ધ મોરચો માંડીને સામુહિક રાજીનામુ ધરી દીધુ છે. એટલે કે સત્તાધારી પક્ષ ભાજપના આશરે ૮૦ ટકા જેટલા કોર્પોરેટરો અત્યારે પ્રમુખની વિરૂધ્ધ થઈ ગયા છે.

સ્થાનિક સુત્રોના કહેવા પ્રમાણે પ્રાંતિજ નગરપાલિકામાં પ્રમુખ પદની વરણી થઈ ત્યારથી જ અંદરોઅંદર અસંતોષ જોવા મળી રહ્યો હતો, મહિલા પ્રમુખ અનિતા પંડયાના સત્તા સંભાળ્યા બાદ પાલિકાના તમામ વહિવટી અને રાજકીય નિર્ણયોમાં તેમના પતિ જિગ્નેશ પંડયા સીધો હસ્તક્ષેપ કરતા હોવાની ચર્ચાઓએ જોર પકડયુ હતું. અન્ય સભ્યોને વિશ્વાસમાં લીધા વિના માત્ર પ્રમુખ પતિ દ્વારા જ મનમાની ચલાવવામાં આવતી હોવાની ફરીયાદો ઉઠી હતી. લાંબા સમયની આ નારાજગી અને અવગણના બાદ આખરે સભ્યોએ આ આકરો નિર્ણય લીધો છે. એકાએક ૧૫ જેટલા કોર્પોરેટરોએ બળવો પોકારતા જિલ્લા અને પ્રદેશ ભાજપ સંગઠનના ઉચ્ચ હોદ્દેદારો ચોકી ઉઠયા હતા. નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીની આબરૂ બચાવવા અને મામલો થાળે પાડવા (ડેમેજ કંટ્રોલ કરવા) માટે સંગઠન દ્વારા તાત્કાલીક સ્તરે કવાયત શરૂ કરવામાં આવી હોવાનુ જાણવા મળી રહ્યુ છે. હવે આગામી સમયમાં એ જોવાનુ રહેશે કે જિલ્લા ભાજપ પ્રમુખ આ નારાજ સભ્યોના રાજીનામા સ્વીકારે છે કે પછી સમજાવટ અને સમાધાનથી પક્ષના આ આંતરીક ભડકાને શાંત પાડવામાં સફળ રહે છે.

## ઘટના પાછળ જૂની અદાવત જવાબદાર

# વટવામાં અંગત અદાવતમાં જાહેર રોડ પર યુવક પર લાકડીઓ વડે જીવલેણ હુમલો

### આરોપીઓ ફરિયાદીને રસ્તા પર પાડીને બેરહેમીથી ફટકારી રહ્યા છે અને આસપાસના લોકો ભયના માર્યા ભાગી રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા વટવામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિના ધજાગરા ઉડાવતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. વટવા વિસ્તારમાં જૂની અને અંગત અદાવતનો બદલો લેવા માટે જાહેર રોડ પર એક યુવક પર લાકડીઓ વડે નિર્દયાપૂર્વક હુમલો કરવામાં આવ્યો હતો. આ સમગ્ર કંપારી છૂટી જાય તેવી ઘટનાના લાઈવ સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ ચકચાર મચી ગઈ છે.

ઘટનાની ગંભીરતાને જોઈને વટવા પોલીસે તાત્કાલિક એક્શન મોડમાં આવીને બે મુખ્ય આરોપીઓની ધરપકડ કરી લીધી છે.પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ મારામારીની ઘટના પાછળ જૂની અદાવત જવાબદાર છે. વટવાના મુખ્ય માર્ગ પરથી જ્યારે ફરિયાદી પસાર થઈ રહ્યો હતો, ત્યારે પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે આરોપીઓ હાથમાં લાકડીઓ અને ઘાતક હથિયારો લઈને તેના પર તૂટી પડ્યા હતા. સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે આરોપીઓ ફરિયાદીને રસ્તા પર પાડીને બેરહેમીથી ફટકારી રહ્યા છે અને આસપાસના લોકો ભયના માર્યા ભાગી રહ્યા છે.

આ કેસમાં સૌથી મોટો વળાંક એ છે કે હુમલો કરનાર આરોપીઓ અને ભોગ બનનાર ફરિયાદી, બંને પક્ષો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. બંને સામે અગાઉ પણ પોલીસ સ્ટેશનમાં અસામાજિક પ્રવૃત્તિઓ અને મારામારીના ગુના નોંધાઈ ચૂક્યા છે. ભરબજારે થયેલા આ આતંકના કારણે સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ ફેલાયો હતો. વટવા પોલીસે ગુનો નોંધી પકડાયેલા બંને આરોપીઓની સઘન પૂછપરછ શરૂ કરી છે અને આ ગેંગવોર જેવી સ્થિતિ પાછળ અન્ય કયા સાગરીતો સામેલ છે તેની તપાસ હાથ ધરી છે.

## રશિયાએ યુક્રેનની રિફાઈનરીને નિશાન બનાવી

# રશિયાના ઉર્જા મથકો પર યુક્રેનનો ૩૦૦ ડ્રોનથી ભીષણ હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)મોસ્કો

યુક્રેને રાતે રશિયાનાં ઉર્જા સ્થળોને નિશાન બનાવી હુમલા કર્યા હતાં તેમ રશિયન અધિકારીઓ અને મીડિયા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે. બીજી તરફ યુક્રેને રશિયાનાં એ દાવાઓને ફગાવી દીધા છે જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે યુક્રેનનાં ડ્રોને ક્રેમલિનનાં કબજાવાળા એક મુખ્ય પરમાણુ સંયત્ર પર હુમલો કર્યો હતો.



યુક્રેનનાં એરફોર્સનાં જણાવ્યા અનુસાર તેણે રશિયા દ્વારા સમગ્ર રાતમાં છોડવામાં આવેલા ૨૯૯ ડ્રોનમાંથી ૨૧૨ ડ્રોનને તોડી પાડયા હતાં. તેણે જણાવ્યું હતું કે ૧૪ ડ્રોન તેનાં લક્ષ્યાંકો સુધી પહોંચવામાં સફળ રહ્યાં હતાં જ્યારે ડ્રોનોનો કાટમાળ પાંચ અલગ અલગ જગ્યાઓ પર પડયો હતો.અધિકારીઓએ જણાવ્યું હતું કે રશિયન ડ્રોનોએ નિપ્રો શહેર અને રિવ્ને ક્ષેત્રમાં સ્થિત એક ઓઈલ રિફાઈનરી પર હુમલો કર્યો હતો. જેનાં કારણે ત્યાં આગ લાગી હતી. રિવ્ને ક્ષેત્રીય વહીવટી તંત્રનાં પ્રમુખ ઓલેક્સેન્ડર કોવલે જણાવ્યું હતું કે રિફાઈનરીમાં કોઈને ઈજા થઈ નથી.

# ઈઝરાયલે હુમલાનો આદેશ આપતા બેરૂતમાં ભયનો માહોલ

(સંપૂર્ણ સમાચાર સેવા)બેરૂત

લેબનોન અને ઈઝરાયલ વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલું તણાવ ફરી એકવાર ચરમસીમાએ પહોંચ્યું છે. ઈઝરાયલે બેરૂતના દક્ષિણી ઉપનગરો પર હુમલાનો આદેશ આપ્યો છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને સંરક્ષણ મંત્રી ઈઝરાયલ કાત્ઝે સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે, હિઝબુલ્લાહ દ્વારા યુદ્ધવિરામનું વારંવાર ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. ઈઝરાયલી શહેરો અને નાગરિકો પરના સતત હુમલાઓના જવાબમાં આ લશ્કરી કાર્યવાહીનો નિર્ણય લેવાયો છે.

ઈઝરાયલની ચેતવણી બાદ, બેરૂતના દક્ષિણી ઉપનગરોમાંથી હજારો લોકો જીવ બચાવવા માટે સ્થળાંતર કરી રહ્યા છે. રસ્તાઓ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ છે. હિઝબુલ્લાહે પણ ઉત્તર ઈઝરાયલ અને હાઈફા શહેરના બાહ્ય વિસ્તારોમાં રોકેટ છોડીને વળતો જવાબ આપ્યો છે. ઈઝરાયલી સૈનિકોએ દક્ષિણ લેબેનોનમાં પહાડની ટોચ પર આવેલા બ્યુફોર્ટ કેસલ પર કબજો જમાવ્યો છે. આ ઈઝરાયલની છેલ્લા ૨૬ વર્ષમાં લેબેનોન સરહદની અંદરની સૌથી મોટી ઘૂસણખોરી માનવામાં આવે છે. આ દરમિયાન લેબનાનની સરકારી ન્યૂઝ એજન્સી NNAના જણાવ્યા અનુસાર, ઈઝરાયલી હુમલામાં ૬ લોકોના મોત થયા છે. રિપોર્ટ અનુસાર, દક્ષિણ લેબનાનના બ્રૈકાઆ કસ્બામાં ઈઝરાયલી ડ્રોન હુમલામાં ૨ લોકો માર્યા ગયા. જ્યારે નજીકના તૂલ કસ્બામાં થયેલા ડ્રોન હુમલામાં એક સીરિયન નાગરિકનું મોત થયું.

## ઓલિવ સર્કલ નજીક મોડી સાંજે એક ચોંકાવનારી ઘટના સામે આવી

# સુરતમાં દારૂના નશામાં કારે એક પછી એક ત્રણ વાહનોને લીધા અડફેટે

### પોલીસે કાર કબજે લઈ સંબંધિત વ્યક્તિને પૂછપરછ માટે લઈ જતાં કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હોવાનું જાણવા મળી રહ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરના પોશ વિસ્તારમાં આવેલા ઓલિવ સર્કલ નજીક મોડી સાંજે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. બિલ્ડર તેમજ ફાઈનાન્સના વ્યવસાય સાથે સંકળાયેલા અને અગાઉથી વિવાદોમાં રહેલા એક વ્યક્તિએ દારૂના નશામાં વાહન હંકારીને એક પછી એક ત્રણ વાહનોને ટક્કર મારતા વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ ફેલાયો હતો અને લોકોએ તાત્કાલિક વાહન રોકીને પોલીસને જાણ કરી હતી.

પ્રાથમિક માહિતી મુજબ, ઓલિવ સર્કલ વિસ્તારમાં ઝડપથી પસાર થઈ રહેલી કાર અચાનક બેકાબૂ બની ગઈ હતી. કાર ચાલકે માર્ગ પર ઊભેલા તેમજ પસાર થઈ રહેલા ત્રણ અલગ-અલગ વાહનોને ટક્કર મારી હતી. અકસ્માતના અવાજ સાથે જ આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ વાહનોને નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, કાર ચલાવનાર વ્યક્તિ સ્પષ્ટપણે દારૂના ચિક્કાર નશામાં જણાતો હતો. અકસ્માત બાદ લોકોએ તેને કારમાંથી બહાર કાઢ્યો હતો. તેની બોલચાલ અને વર્તન પરથી તે નશાની હાલતમાં હોવાનું સ્પષ્ટ દેખાતું હતું. લોકોએ ઘટનાનો વિરોધ કરવામાં આવ્યો હતો અને સ્થળ પર જ પોલીસને બોલાવવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને સમગ્ર મામલાની પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. પોલીસે કાર કબજે લઈ સંબંધિત વ્યક્તિને પૂછપરછ માટે લઈ જતાં કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હોવાનું જાણવા મળી રહ્યું છે. નશાની સ્થિતિની પુષ્ટિ કરવા માટે મેડિકલ તેમજ અન્ય જરૂરી પ્રક્રિયાઓ પણ હાથ ધરવામાં આવી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. અકસ્માતમાં સંડોવાયેલા વ્યક્તિની ઓળખ મંજુ સિંગ રાઠોડ તરીકે થઈ હોવાનું સ્થાનિક સૂત્રો જણાવી રહ્યા છે. મંજુ સિંગ રાઠોડ બિલ્ડર તેમજ ફાઈનાન્સના વ્યવસાય સાથે સંકળાયેલા હોવાનું કહેવાય છે. શહેરમાં તે વિવાદિત ફાઈનાન્સર તરીકે ઓળખ ધરાવતો હોવાની ચર્ચા છે. તેના વિરુદ્ધ અગાઉ પણ વિવિધ પ્રકારની ફરિયાદો પોલીસ ચોપડે નોંધાઈ હોવાના આક્ષેપો સ્થાનિક સ્તરે થઈ રહ્યા છે. આ ઘટનાએ ફરી એકવાર શહેરમાં દારૂના નશામાં વાહન ચલાવવાના વધતા બનાવો સામે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે.


**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

મહાનગર સેવાસદન, એસ્ટેટ અને નગર વિકાસ ખાતુ, પશ્ચિમ ઝોન,
૧૦, ગ્રા.ફ્લોર, મલ્ટીલેવલ પાર્કિંગ એન્ડ કોમર્શીયલ કોમ્પલેક્ષ,
નવરંગપુરા, અમદાવાદ.
Email : dytdowz@ahmedabadcity.gov.in

**શોર્ટ ટેન્ડર કમ હરાજી નોટીસ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના પશ્ચિમ ઝોનના સાબરમતી વોર્ડમાં ટી.પી.સ્કીમ નં. ૨૧ (મોટેરા), ફા.પ્લોટ નં. ૪૧૮+૪૨૦/પૈકી માં આવેલ દબાણ ગોડાઉનમાં દબાણ વિભાગ દ્વારા તા. ૩૧-૧૨-૨૦૨૫ સુધીમાં જપ્ત કરવામાં આવેલ હરાજીને પાત્ર માલ-સામાન, લારી-ગલ્લા, વાંસ-વળીઓ, પ્લાસ્ટીકના કેરેટ તથા અન્ય પરચુરણ સામાન અને ડેડ વ્હીકલ્સની જે તે સ્થિતિમાં (મિક્ષ સ્કેપનું) નિકાલ કરવા (ટેન્ડર નં.**EST/WZ/SCRAP/2026/1**) થી ટેન્ડરો મંગાવવામાં આવેલ છે. ટેન્ડર સીલ બંધ કવરમા તા.૧૬.૦૬.૨૦૨૬ ના રોજ બપોરના ૩.૩૦ કલાક સુધીમાં નિયત સમય મર્યાદામાં ઉપરોક્ત દર્શાવેલ સરનામે મોકલી આપવાના રહેશે. આ અંગેની શરતો સહિતની વિગતો ટેન્ડર ડોક્યુમેન્ટ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબ સાઈટ **www.ahmedabadcity.gov.in** પરથી ડાઉનલોડ કરી શકાશે. ટેન્ડરનો સ્વીકાર કે અસ્વીકાર કરવાની સત્તા મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની રહેશે.

ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર
(પશ્ચિમ ઝોન)

# કોંગ્રેસની ચાલુ સમીક્ષા બેઠકમાં આઈબી અધિકારી મોબાઈલ ફોનમાં વિડીયો ઉતારવા લાગ્યા



પ્રતિનિધિ,ગાંધીનગર

કોંગ્રેસની ઉત્તર ગુજરાતની સમીક્ષા બેઠકની જાસુસી કરતા એક આઈબી અધિકારી રંગે હાથ ઝડપાયો હતો, પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડા સહિતના આગેવાનોએ મહેસાણા ખાતે સમીક્ષા બેઠક યોજી હતી. બેઠકમાં મહત્વના મુદ્દાઓની ચર્ચા ચાલતી હતી તે દરમિયાન એક અજાણ્યો શખ્સ મોબાઈલ ફોનમાં વિડીયો રેકોર્ડિંગ કરતા પકડાયો હતો,

આ શખ્સ ની જાણકારી મેળવતા તે આઈબી અધિકારી હોવાનો ખુલાસો થતા અમિત ચાવડાએ સરકાર પર જાસુસીના આરોપ લગાવ્યા છે, આ ઘટનાબાદ ગુજરાત સરકાર અને સ્ટેટ આઈબી સવાલોના ઘેરામાં આવી ગયા છે. આઈબી અધિકારીના ફોનને તપાસવામાં આવ્યો ત્યારે તેમાંથી કેટલાક અશ્વલીલ વિડીયો મળી આવ્યા હોવાનુ કોંગ્રેસના સુત્રો દ્વારા જાણવા મળ્યુ હતું.

સ્થાનિક સ્વરાજયની ચુંટણીના પરીણામો બાદ ગુજરાત કોંગ્રેસના આગેવાનોએ સમીક્ષા બેઠકો શરૂ કરી છે. આજે સોમવારે મહેસાણા ખાતે ઉત્તર ગુજરાત ઝોનના ગાંધીનગર , સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લાના હોદ્દેદારો સાથે સમીક્ષા બેઠક યોજી હતી, જે બેઠકમાં એક શંકાસ્પદ અને અજાણ્યો વ્યકિત મોબાઈલ ફોન થી વિડીયો ઉતારતો જોવા મળ્યો હતો. જેને અમિત ચાવડા અને જગદીશ ઠાકોર સહિતના આગેવાનોએ પાસે બોલાવીને તેના મોબાઈલ ફોનમાંથી વિડીયો ડીલીટ કરાવ્યા હતા.

# ગુજરાતમાં સોગંદનામાના નિયમો બદલાયા: હવે એક જ સોગંદનામુ તમામ સરકારી કચેરીઓમાં ચાલશે: યુનિવર્સલ એફિડેવીટ નામ અપાયું




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સરકારી સેવાઓ મેળવવા માટે નાગરીકોને વારંવાર જુદા જુદા લખાણવાળા એફિડેવીટ કરાવવાની પડતી મુશ્કેલીઓનો અંત લાવવા માટે ગુજરાત સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજયમાં નાગરીક સેવાઓને વધુ સરળ અને પારદર્શક બનાવવાના ભાગરૂપે કાયદા વિભાગે રાજય વ્યાપી સ્વીકાર્ય યુનિવર્સલ એફિડેવીટનુ નવુ ફોર્મેટ જાહેર કર્યુ છે. હવેથી જે સેવાઓમાં કાયદા કે નિયમ મુજબ સોગંદનામુ જરૂરી હોય પરંતુ કોઈ ચોકકસ ફોર્મેટ નકકી ન હોય, ત્યાં આ એક જ સમાન ફોર્મેટ સમગ્ર રાજયમાં માન્ય રાખવામાં આવશે. અત્યાર સુધી રાજય સરકારના અલગ અલગ વિભાગો દ્વારા અપાતી વિવિધ વ્યકિતલક્ષી સેવાઓ, દાખલાઓ કે યોજનાઓનો લાભ લેવા માટે અરજદારોએ અનેક પ્રકારના જુદા જુદા સોગંદનામા રજુ કરવા પડતા હતા.

દસ્તાવેજોમાં આ પ્રકારની વિવિધતાને કારણે બિનજરૂરી જટીલતા ઉભી થતી હતી અને સામાન્ય જનતાનો સમય વેડફાતો હતો તેમજ વહિવટી પ્રક્રિયામાં વિલંબ થતો હતો, નાગરીકોને આ હાલાકીમાંથી મુકિત અપાવવા માટે સરકારે આ વહિવટી સુધારો કર્યો છે.

આ નવુ યુનિવર્સલ એફિડેવીટ તમામ જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય તેમજ શહેરી સ્તરે કાર્યરત તમામ સરકારી કચેરીઓ, સેવા કેન્દ્રો અને સત્તાધિકારીઓ દ્વારા ફરજીયાતપણે સ્વીકારવામાં આવશે.

ડીઝીટલ ગુજરાત પોર્ટલ તેમજ તમામ જનસેવા કેન્દ્રો ખાતે પણ આ એફિડેવીટનો સમાન રીતે અમલ શરૂ થશે. જેથી ઓનલાઈન અરજી કરનારાઓને મોટી સુવિધા મળશે. સરકારે સ્પષ્ટ કહ્યુ છે કે જે સેવાઓ માટે કાયદાકીય રીતે એફિડેવીટ કરવાની કોઈ જરૂરીયાત નકકી થયેલી નથી, તેવી સેવાઓમાં સામાન્ય વહિવટ વિભાગના ઠરાવ મુજબ એફિડેવીટના સ્થાને માત્ર સ્વઘોષણા ની સરળ પ્રક્રિયા પૂર્વ નિર્ધારીત રીતે ચાલુ જ રહેશે. ત્યાં સોગંદનામુ ફરજીયાત કરવામાં આવ્યુ નથી. કાયદા વિભાગ દ્વારા જારી કરાયેલા આ સત્તાવાર ફોર્મેટને નાગરીકોની સરળતા માટે ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષાઓમાં તૈયાર કરવામાં આવ્યુ છે.

# ધોરણ ૩ થી ૧૧ ના અંગ્રેજી માધ્યમના પાઠયપુસ્તકો ન મળતા વાલીઓ પરેશાન



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં ઉનાળુ વેકેશન પૂર્ણ થવાને આડે હવે એક અઠવાડીયાથી ઓછો સમય બાકી રહ્યો છે અને આગામી તારીખ ૮ મી જુન થી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવાનો છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા હાલ પાઠય પુસ્તકો અને નોટબુકો સહિત સ્ટેશનરીની ખરીદી કરવામાં આવી રહી છે. ત્યારે ધોરણ ૩ થી ૧૧ ના અંગ્રેજી માધ્યમના પુસ્તકો મળતા ન હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓ પરેશાન થઈ રહ્યા છે.

બુક સેલર્સના કહેવા પ્રમાણે ગુજરાત બોર્ડની સ્કુલો માટેના અંગ્રેજી માધ્યમના પુસ્તકો બજારમાં હજુ પહોચ્યા નથી, વિદ્યાર્થીઓને આ પુસ્તકો નવુ શૈક્ષણિક વર્ષ ચાલુ થાય તે પહેલા મળશે કે કેમ તે અંગે પણ અનિશ્ચિતતા છે. પાઠય પુસ્તકોના વિક્રેતાઓના કહેવા પ્રમાણે ગુજરાતના શિક્ષણ વિભાગે કેટલાક ધોરણોમાં હવે એનસીઈઆરટીના જ પાઠય પુસ્તકો ભણાવવાનુ નકકી કર્યુ છે. મોટાભાગના બુક સેલર્સ પાસે અંગ્રેજી માધ્યમના ધોરણ ૩,૪,૫,૬,૭,૯ અને ૧૧ ના કેટલાક વિષયના પાઠય પુસ્તકો ઉપલબ્ધ નથી, ૧૦ થી ૨૦ ટકા બુક સેલર્સ કદાચ એવા છે જેઓ પોતાના દિલ્હીના સંપર્કો થતી એનસીઆઈઆરટી ના પાઠય પુસ્તકો મંગાવીને વેચી રહ્યા છે.

પાઠય પુસ્તકો કયારે આવશે તેની જાણકારી બુક સેલર્સ પાસે નથી. જો કે ગુજરાતી માધ્યમના પાઠય પુસ્તકોની જો કે કોઈ અછત નથી એમ પણ ગ્રાન્ટેડ સ્કુલોમાં પાઠય પુસ્તકો વિદ્યાર્થીઓને વિના મુલ્યે આપવામાં આવે છે અને ગુજરાતી માધ્યમના પાઠય પુસ્તકોનુ મોટાપાયે પ્રિન્ટીગ થઈ ગયેલુ છે.

### નિવૃત્તિના માત્ર ૨૪ કલાક અગાઉ રાજકોટના એસીપી વી જી પટેલ ને નોકરીમાંથી ઘર ભેગા કરાયા

# વડોદરાના જુગાર કેસમાં આરોપીને મદદ કરવાનો આક્ષેપ: વિભાગીય તપાસમાં દોષિત ઠરતા ગૃહવિભાગની કાર્યવાહી



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટ શહેર પોલીસ કંટ્રોલ રૂમમાં એસીપી તરીકે ફરજ બજાવતા વી જી પટેલ (વિનાયક પટેલ) ૩૧ મે ના રોજ વયમર્યાદાના કારણે નિવૃત્ત થવાના હતા. પરંતુ તેમની નિવૃત્તિના ઠીક એક દિવસ અગાઉ જ ગૃહ વિભાગે તેમને નોકરીમાંથી ડીસમીસ (બરતરફ) કરવાનો કડક આદેશ જારી કર્યો હતો.

વી જી પટેલ જયારે વડોદરા એચ ડીવીજનમાં એસીપી તરીકે ફરજ પર હતા, ત્યારે મકરપુરા પોલીસ સ્ટેશનમાં જુગારનો એક કેસ નોંધાયો હતો, આ કેસમાં તેમણે એક આરોપીને પકડવા ન પડે તે માટે ઘરે ન રહેવાની સલાહ આપીને કાયદાકીય પ્રક્રિયામાંથી બચવામાં મદદ કરી હતી, આ મદદના બદલામાં મોટો આર્થિક વહિવટ થયો હોવાની પણ ચર્ચાઓ વહેતી થઈ હતી. પોલીસ અધિકારી હોવા છતાં આરોપીને મદદરૂપ થવાના આ ગંભીર આક્ષેપ બાદ તેમની સામે ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી (વિભાગીય તપાસ) શરૂ કરવામાં આવી હતી. આ તપાસના અંતે એસીપી વી જી પટેલ ગુન્હામાં દોષિત જાહેર થયા હતા. જેથી ગૃહ વિભાગે જીરો ટોલરન્સની નીતી અપનાવી, તેઓ સન્માનભેર નિવૃત્ત થાય તેના ૨૪ કલાક પહેલા જ તેમને હોદ્દા પરથી હકાલપટ્ટી કરવાનો ઓર્ડર પાસ કર્યો હતો. ખાખી ને દાગ લગાડતા આવા અધિકારીઓ વિરૂધ્ધ ગૃહવિભાગે લીધેલા આ આકરા પગલાથી એ સ્પષ્ટ સંદેશ ગયો છે કે કાયદાની આડમાં અંગત સ્વાર્થ સાધનારાઓને બક્ષવામાં નહી આવે, આ મુદ્દો પોલીસબેડામાં ચર્ચાનો વિષય બન્યો છે.

# ગોકુલ કંપનીના ચવાણાના પેકેટમાં થી નીકળી મરેલી ગરોળી : ગ્રાહકે કરી કડક કાર્યવાહીની માંગ




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ફરસાણ અને નાસ્તાના શોખીનો માટે એક ચોંકાવનારા અને આંખ ઉઘાડનારા સમાચારો બહાર આવ્યા છે. જો આપણે પણ બજારમાંથી પેક કરેલા નાસ્તાના પડીકા ખાવાના શોખીન હોવ તો ખાતા પહેલા ૧૦૦ વાર ચેતવાની જરૂર છે. રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના આટકોટ ગામમાં એક જાણીતી કંપનીના ચવાણાના પેકેટમાંથી મરેલી ગરોળી નીકળી હોવાનો ગંભીર દાવો કરવામાં આવ્યો છે. આ ઘટના બહાર આવ્યા બાદ પંથકના સ્વાદપ્રિય લોકોમાં ભારે ફફડાટ અને રોષ જોવા મળી રહ્યો છે. મળેલી માહિતી અનુસાર આટકોટના એક જાગૃત ગ્રાહકે બજારમાંથી પ્રખ્યાત ગોકુલ કંપનીનુ ચવાણાનુ પેકેટ ખરીદ્યુ હતું. જયારે ગ્રાહકે ઘરે જઈને પરીવાર સાથે નાસ્તો કરવા માટે ચવાણાનુ પેકેટ ખોલ્યુ ત્યારે તેની અંદરથી એક મરેલી ગરોળી નીકળી આવી હતી, ફરસાણની વચ્ચે મરેલી ગરોળી જોતા જ પરીવારના તમામ સભ્યો ચોકી ઉઠયા હતા અને તેમના હોશ ઉડી ગયા હતા, સદનસીબે પરીવારે ચવાણુ ખાધુ ન હતુ, નહી તો કોઈ મોટી ફુડ પોઈઝનીંગ ની ઘટના ઘટી શકી હોત અને પરીવારના સભ્યોનો જીવ જોખમમાં મુકાઈ શકયો હોત, આ ગંભીર અને અતિ બેદરકારી ભરી ઘટના બાદ ગ્રાહકે તાત્કાલીક ગોકુલ કંપનીના સત્તાવાળાઓનો સંપર્ક કરીને આ અંગે લેખિત તેમજ મૌખિક ફરીયાદ નોંધાવી છે. ગ્રાહક અને તેમના પરીવારે આક્રોશ વ્યકત કરતા જણાવ્યુ હતુ કે બ્રાન્ડેડ કંપનીઓ પેકીંગ અને શુધ્ધતાના મોટા મોટા દાવા કરે છે. પરંતુ વાસ્તવિકતામાં લોકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા કરવામાં આવી રહ્યા છે. ગ્રાહક એ લોકોના સ્વાસ્થ્ય ને જોખમમાં મુકનારી આવી કંપનીના સંચાલકો વિરૂધ્ધ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ તેમજ આરોગ્યતંત્ર દ્વારા કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તેવી જોરદાર માંગ કરી છે.

# ગુજરાત કોંગ્રેસનુ રાજયવ્યાપી આંદોલન શરૂ: આગામી તા.૪ થી ૧૨ જુન સુધી તાલુકા સ્તરે ઉગ્ર વિરોધ પ્રદર્શન



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ ભાજપ સરકાર પર સત્તાનો દુરુપયોગ, પોલીસ વહિવટની મનમાની અને જર્નાદિશના અપમાનનો આરોપ લગાવતા કહ્યુ હતુ કે કોંગ્રેસ કાર્યકરોએ આ વિરૂધ્ધ મજબુતીથી સંઘર્ષ કર્યો છે. તેમણે જાહેરાત કરી હતી કે મોંઘવારી, પેપરલીક અને ભ્રષ્ટાચાર જેવા જનહિતના મુદ્દાઓને લઈને કોંગ્રેસ આગામી તારીખ ૪ જુન થી ૧૨ જુન દરમિયાન સમગ્ર ગુજરાતમાં તાલુકા સ્તરે ઉગ્ર વિરોધ પ્રદર્શન શરૂ કરવા જઈ રહ્યુ છે. અમિત ચાવડાએ પોતાના સત્તાવાર એકસ એકાઉન્ટ પર વિડીયો સંદેશ દ્વારા જાહેરાત કરતા કહ્યુ હતુ કે ભાજપ સરકાર દ્વારા સત્તાનો દુરુપયોગ, પોલીસ પ્રશાસનની મનમાની અને જર્નાદિશના અપમાન વિરૂધ્ધ કોંગ્રેસના કાર્યકરોએ મજબુતીથી સંઘર્ષ કર્યો છે. આગામી સમયમાં મોંઘવારી , પેપરલીક અને ભ્રષ્ટાચાર જેવા જનહિતના મુદ્દાઓને લઈ કોંગ્રેસ રોડ રસ્તા ઉપર ઉતરી આંદોલન કરશે, આ જાહેરાત એવા સમયે આવી છે જયારે કોંગ્રેસ નેતૃત્વ સરકાર પર વિવિધ મોરચે આકરા આરોપો લગાવી રહ્યુ છે. તાજેતરમાં જ ઉત્તર ગુજરાતમાં કોંગ્રેસની સમીક્ષા બેઠક દરમિયાન ઈન્ટેલીજન્સ બ્યુરો (આઈબી) ના અધિકારીઓ દ્વારા છુપી રીતે વિડીયોગ્રાફી કરવાના આરોપ બહાર આવ્યા છે. અમિત ચાવડાએ આને સત્તાનો દુરુપયોગ અને વિરોધ પક્ષ પર નજર રાખવાની કાર્યવાહી તરીકે વર્ણવ્યુ છે.

તેમણે એવુ પણ કહ્યુ હતુ કે ગુજરાતમાં ડ્રગ્સ અને દારૂની તસ્કરી થઈ રહી છે. પરંતુ પોલીસ અને આઈબી આ દિશામાં કાર્યવાહી કરવાને બદલે કોંગ્રેસની પ્રવૃત્તિઓ પર નજર રાખવામાં વ્યસ્ત છે.

કોંગ્રેસ ૩ મુદ્દાઓ પર આંદોલન કરવા જઈ રહ્યુ છે. જેમાં ગુજરાતમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજી સીલીન્ડરના ભાવવધારા તેમજ અછતના મુદ્દે કોંગ્રેસ અગાઉથી જ આંદોલન કરી રહી છે. વિધાનસભા બહાર ગેસ સીલીન્ડર અને લાકડાં સાથે પ્રદર્શન કરીને કોંગ્રેસે સરકારની નીતિઓને નિષ્ફળ ગણાવી હતી. લાંબી કતારો અને ઘરેલુ વપરાશમાં મુશ્કેલીઓના આરોપો વારંવાર ઉઠયા છે. તો બીજી તરફ રાષ્ટ્રીય સ્તરે નીટ યુજી ૨૦૨૬ પરીક્ષામાં પેપરલીકના ગંભીર કાંડ બાદ પરીક્ષા રદ કરવામાં આવી હતી અને સીબીઆઈ તપાસ શરૂ કરવામાં આવી છે. કોંગ્રેસે આને યુવાનોના ભવિષ્ય સાથે છેતરપીંડી અને ભ્રષ્ટાચાર ગણાવ્યુ છે. રાહુલ ગાંધી સહિતના નેતાઓએ કેન્દ્ર સરકાર પર જવાબદારી નકકી કરવાની માંગ કરી છે. જયારે ત્રીજો મુદ્દો શિક્ષણક્ષેત્ર સહિત વિવિધ ક્ષેત્રોમાં ભ્રષ્ટાચારના આરોપોને લઈને કોંગ્રેસ ભાજપ સરકારને જવાબદાર ઠેરવી રહી છે. પેપરલીક કાંડ ને પણ આ જ સ્થળે સાથે જોડીને જોવામાં આવી રહ્યુ છે.

કોંગ્રેસે સ્પષ્ટ કર્યુ છે કે આ વિરોધ પ્રદર્શનો ઉગ્ર સ્વરૂપના હશે અને તાલુકા સ્તર સુધી પહોચશે, જેથી સામાન્ય લોકોના મુદ્દાઓને સરકાર સુધી પહોચાડી શકાય, અગાઉ પણ બજેટસત્ર, બેરોજગારી અને એલપીજી અછત જેવા મુદ્દાઓ પર કોંગ્રેસે વિરોધ પ્રદર્શનો કર્યા છે. કોંગ્રેસના આ આંદોલનથી રાજયમાં રાજકીય ગરમાવો વધવાની શકયતા છે. સરકાર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી, પરંતુ વિરોધપક્ષના આ આરોપો અને આંદોલનની તૈયારીઓથી આગામી દિવસોમાં રાજકીય ચર્ચાઓ વધવાની શકયતા છે.

### ૯ વર્ષની સેવા બાદ પણ અન્યાયનો દાવો

# ESIC હોસ્પિટલમાં ૨૦ સફાઈ કર્મચારીઓની રાતોરાત છટણી

### વગર વાંકે નોકરી ગુમાવવાનો વારો આવતા આ કર્મચારીઓ અને તેમના પરિવારો પર આર્થિક સંકટ આવી પડ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતની જાણીતી **ESIC** હોસ્પિટલમાંથી ચોથા વર્ગના કર્મચારીઓને લઈને એક વિવાદાસ્પદ અને ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. હોસ્પિટલ તંત્ર દ્વારા કોન્ટ્રાકટ હેઠળ કામ કરતા ૨૦ જેટલા સફાઈ કર્મચારીઓને કોઈ પણ આગોતરી નોટિસ આપ્યા વિના રાતોરાત નોકરીમાંથી છૂટા કરી દેવામાં આવતા કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ નિર્ણયના વિરોધમાં અને પોતાની આજીવિકા બચાવવા માટે રોષે ભરાયેલા કર્મચારીઓ હોસ્પિટલના મુખ્ય ગેટ પર ધરણા પર બેસી ગયા છે.

નોકરીમાંથી મુકત કરાયેલા સફાઈ કર્મચારીઓનો દાવો છે કે, તેઓ છેલ્લા ૯ વર્ષથી આ હોસ્પિટલમાં વફાદારીપૂર્વક પોતાની સેવાઓ આપી રહ્યા છે. કોરોના કાળ જેવી કપરી પરિસ્થિતિમાં પણ પોતાની જાનના જોખમે હોસ્પિટલને સ્વચ્છ રાખવાનું કામ કરનારા આ ગરીબ શ્રમિકોને અચાનક બહારનો રસ્તો બતાવી દેવાયો છે. વગર વાંકે નોકરી ગુમાવવાનો વારો આવતા આ કર્મચારીઓ અને તેમના પરિવારો પર આર્થિક સંકટ આવી પડ્યું છે.

મળતી માહિતી મુજબ, હોસ્પિટલમાં સફાઈ એજન્સીનો નવો કોન્ટ્રાક્ટ મંજૂર થતાની સાથે જ આ વહીવટી ફેરફાર અને છટણીનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેવી નવી એજન્સી આવી કે તરત જ જૂના અને અનુભવી કર્મચારીઓને કાઢી મૂકવામાં આવ્યા છે. હાલ આ તમામ ૨૦ કર્મચારીઓ પોતાની માંગણીઓ સાથે હોસ્પિટલના દરવાજે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. તેમની એક જ માગ છે કે, તંત્ર માનવતાવાદી અભિગમ અપનાવે અને તેમને તાત્કાલિક અસરથી ફરીથી કામ પર પાછા લેવામાં આવે.

### મોડી રાત સુધી ૬૨ વધારાની ટ્રેનો દોડાવાઈ

# IPL ફાઈનલ: અમદાવાદ મેટ્રોના મુસાફરોની સંખ્યામાં રેકોર્ડબ્રેક વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલી **IPL-2026**ની ફાઈનલ મેચને લઈને અમદાવાદ અને ગાંધીનગરમાં મેટ્રો ટ્રેન સેવાઓ પર મુસાફરોનો અભૂતપૂર્વ ઘોડાપૂર જોવા મળ્યું હતું. ક્રિકેટપ્રેમીઓને ધ્યાનમાં રાખીને ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન **(GMRC)** દ્વારા મોડી રાત સુધી મેટ્રો સેવાઓ કાર્યરત રાખી હતી. પેસેન્જરોની ભારે ભીડ અને જરૂરિયાતને પૂરી કરવા માટે મેટ્રો ટ્રેનો છેક મોડી રાત્રે ૨:૧૯ વાગ્યા સુધી શરૂ રાખવામાં આવી હતી. જેમાં સામાન્ય દિવસ કરતા ૭૭ હજારથી વધુ મુસાફરોએ મુસાફરી કરી હતી. આમ, અમદાવાદ-ગાંધીનગર મેટ્રોના મુસાફરોની સંખ્યામાં રેકોર્ડબ્રેક વધારો નોંધાયો હતો. જેને પગલે મોડી રાત સુધી ૬૨ વધારાની ટ્રેનો દોડાવાઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, સામાન્ય રવિવાર એટલે કે તારીખ ૨૪/૦૫/૨૦૨૬ના રોજ મેટ્રોમાં કુલ ૧,૧૭,૯૩૯ મુસાફરોએ યાત્રા કરી હતી. જેની સરખામણીએ ગત ૩૧/૦૫/૨૦૨૬ના રોજ IPL ફાઈનલના દિવસે આ સંખ્યામાં ૭૭,૯૨૯નો જંગી વધારો થતાં કુલ ૧,૯૫,૮૬૮ યાત્રાઓએ મુસાફરી કરી હતી. આમ, સામાન્ય દિવસો કરતા પેસેન્જર જર્નીમાં સીધો ૬૬ ટકાનો મોટો ઉછાળો જોવા મળ્યો છે.

**GMRC** તંત્ર દ્વારા ભીડને નિયંત્રિત કરવા અને મેચના પેસેન્જરોને હાલાકી ન પડે તે માટે તેમના રોજિંદા સમયપત્રક ઉપરાંત કુલ ૬૨ વધારાની મેટ્રો ટ્રેન દોડાવવાનો નિર્ણય લીધો હતો. મેચને પગલે શરૂઆતમાં ટ્રેન મધ્યરાત્રિના ૧૨:૩૦ વાગ્યા સુધી દોડવાનો નિર્ણય કરાયો હતો. પરંતુ સ્ટેડિયમ બહાર ક્રિકેટ રસિકોની ભારે ભીડને જોતાં મેટ્રો સેવા રાત્રે ૨:૧૯ સુધી ચાલુ રાખવામાં આવી હતી.

કયા રૂટ પર ક્યારે ઉપડી છેલ્લી ટ્રેન?

- છેલ્લી ટ્રેન મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશનથી એપીએમસી **(APMC)** તરફ રાત્રિના ૨:૧૯ કલાકે ઉપડી હતી.
- પૂર્વ-પશ્ચિમ કોરિડોરની કનેક્ટિવિટી જળવાઈ રહે તે માટે ઓલ્ડ હાઈકોર્ટ મેટ્રો સ્ટેશનથી છેલ્લી ટ્રેન રાત્રિના ૨:૪૫ કલાકે ઉપડી હતી.
- ગાંધીનગર તરફ જતા મુસાફરો માટે છેલ્લી ટ્રેન મોટેરા સ્ટેડિયમથી મધ્યરાત્રિએ ૧૨:૨૪ કલાકે રવાના થઈ હતી.

# હડકાયા શ્વાનનો કહેર: મુજપર ગામમાં શ્વાને ૪ માસૂમ બાળકો સહિત અનેક લોકોને બચકાં ભર્યા

### ડોક્ટરોની ટીમ દ્વારા તેમને હડકવા વિરોધી ઈન્જેક્શન અને જરૂરી તબીબી સારવાર આપવામાં આવી રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં રખડતા અને હડકાયા શ્વાનનો ત્રાસ દિનપ્રતિદિન વધી રહ્યો છે. જિલ્લાના મુજપર ગામમાં ગત રાત્રિના સમયે એક હડકાયા શ્વાને અચાનક આતંક મચાવતા ગામના નિર્દોષ નાગરિકો પર હુમલા કર્યા હતા. આ પાગલ બનેલા શ્વાને રસ્તા પરથી પસાર થતા ૪ થી ૫ લોકોને શરીરના ભાગે ગંભીર બચકા ભરી લીધા હતા, જેના કારણે સમગ્ર ગામમાં અફરાતફરી અને દોડધામનો માહોલ સર્જાયો હતો. મળતી માહિતી મુજબ, હડકાયા શ્વાનનો શિકાર બનેલા લોકોમાં ૪ માસૂમ બાળકો પણ સામેલ છે. શ્વાને બાળકો પર હુમલો કરતા તેમના રડવાનો અને ચીસાચીસનો અવાજ સાંભળી આજુબાજુના ગ્રામજનો લાકડીઓ લઈને દોડી આવ્યા હતા. આ હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા તમામ બાળકો અને અન્ય લોકોને તાત્કાલિક અસરથી ૧૦૮ મારફતે સુરેન્દ્રનગરની મુખ્ય મહાત્મા ગાંધી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે, જ્યાં ડોક્ટરોની ટીમ દ્વારા તેમને હડકવા વિરોધી ઈન્જેક્શન અને જરૂરી તબીબી સારવાર આપવામાં આવી રહી છે. રાત્રિના અંધકારમાં બનેલી આ ઘટનાને પગલે મુજપર ગામના લોકોમાં ભારે ફફડાટ અને ભયનો માહોલ વ્યાપી ગયો છે. શ્વાન હજુ પણ ગામની આસપાસ જ રખડતો હોવાથી ગ્રામજનો દ્વારા રાત્રે ઘરની બહાર ન નીકળવા તેમજ બાળકોને એકલા ન મૂકવા માટે સાવચેતી રાખવાની ખાસ અપીલ કરવામાં આવી રહી છે. સ્થાનિકોમાં તંત્ર સામે રોષ છે કે વારંવાર રજૂઆતો કરવા છતાં પણ રખડતા શ્વાન પકડવાની કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી, જેના કારણે આજે નિર્દોષ બાળકો ભોગ બન્યા છે.